# નિશ્ચય વ્યવહાર

श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि [illegible]

જાંબુવાલા ગ્રંથમાળા

પુસ્તિકા : ૧૮ [ઈ. સ. ૧૯૭૪]

૫૭

કમલ પ્રકાશન

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

## જાંબૂવાલા ગ્રન્થમાળા પ્રવૃત્તિ

પ્રકાશક : **કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૫૦૮૨/૩, બીજેમાળે, યાજ્ઞિક ઈન્સ્ટીટયૂટ સામે, રતનપોળના નાકે,
ગાંધીરોડ, **અમદાવાદ-૩૮૦ ૦૦૧.**

જે આર્યદેશ સંતો અને સજ્જનોની ભૂમિ ગણાતો હતો ત્યાં જ આજે એમની મોટી અછત વર્તાય છે. સમસ્ત વિશ્વને પ્રકાશ આપતાં આ દેશમાં જ અનાર્યતાનો અંધકાર ખાબકયો છે.

અર્થકામનાં સુખોના અગનભૂખમાંથી જ આવી આફતોના ઓળા આર્ય પ્રજા ઉપર ઊતરી પડ્યા છે.

બગડતી જતી પરિસ્થિતિને ગમે તેમ કરીને સમાલી લેવી જ રહી. આ ઉકળાટભર્યા મંથનમાંથી જ નાની પુસ્તિકાઓની માળાનું સર્જન થઈ રહ્યું છે.

લીંબડીના વતની શ્રી લક્ષ્મીચંદ ત્રિભોવનદાસ જાંબૂવાલાના કુટુંબીજનોએ આર્થિક દૃષ્ટિએ થોડોક ટેકો કરી આપવાની તૈયારી બતાડી અને......જાંબૂવાલા ગ્રંથમાળાના અન્વયે એક પછી એક પુસ્તિકા પ્રગટ થતી ગઈ. લગાતાર ચાર વર્ષ સુધીમાં-પ્રત્યેક વર્ષે પાંચનું પ્રકાશન કરીને અમે કુલ વીસ પુસ્તિકાઓ પ્રગટ કરી ચૂક્યા છીએ.

આ લઘુ પુસ્તિકાઓ લોકહૃદયમાં એટલો બધો આદર પામી કે અમારે તેની ત્રણ ત્રણ આવૃત્તિઓ પ્રકાશિત કરવી પડી છે.

સખ્ત મોંઘવારીના કારણે આ વીસ પુસ્તિકાનું દરેકનું મૂલ્ય રૂા. ૧-૦૦ રાખવાની અમને જે ફરજ પડી છે તેનું ખૂબ જ દુ:ખ છે પણ અમે આ વિષયમાં લાચાર છીએ.

શ્રી શાન્તિલાલ લક્ષ્મીચંદભાઈ જાંબૂવાલા ગ્રન્થમાળા-૧૮

# નિશ્ચય : વ્યવહાર

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

૫૭

૧૯૭૧ની સાલની ગ્રન્થમાળાની
પાંચ પુસ્તિકાનો સેટ
મૂલ્ય ૫-૦૦
૧ સોળ ભાવનાઓ
૨ જૂની પેઢીને
૩ બોધકથાઓ
૪ ઊઠ, જાગ, મુસાફિર !
૫ જૈનં જયતિ શાસનમ્

૧૯૭૨ની સાલની ગ્રન્થમાળાની
પાંચ પુસ્તિકાનો સેટ
મૂલ્ય : ૫-૦૦
૬ મૂંઝવતા પ્રશ્નો
૭ ચક્રવર્તી બ્રહ્મદત્ત
૮ આચારઃ પ્રથમો ધર્મ્મઃ
૯ આપણી સંસ્કૃતિ
૧૦ વિકાસનું મહાભિયાન

૧૯૭૩ની સાલની ગ્રન્થમાળાની
પાંચ પુસ્તિકાનો સેટ
મૂલ્ય : ૫-૦૦
૧૧ અંધભક્તિ, પશ્ચિમની
૧૨ ત્રણ વાર્તાઓ
૧૩ દંભ-૧
૧૪ દંભ-૨
૧૫ જરા, કાન દઈને મને સાંભળો

૧૯૭૪ની સાલની ગ્રન્થમાળાની
પાંચ પુસ્તિકાનો સેટ
મૂલ્ય : ૫-૦૦
૧૬ ચાલો, જીવન પલટીએ
૧૭ સંસાર
૧૮ નિશ્ચય : વ્યવહાર
૧૯ આ માસનો શ્લોક
૨૦ મીની કથાઓ

પ્રકાશક :
કમલ પ્રકાશન ટ્રસ્ટ
૫૦૮૨/૩, બીજે માળે,
રતનપોળના નાકે,
યાજ્ઞિક ઇન્સ્ટીટ્યૂટ સામે, ગાંધીરોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

PHONE 30081

લેખક-પરિચય :

સિદ્ધાંતમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. આ. ભગવન્તશ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજા સાહેબના વિનેય મુનિશ્રી
ચન્દ્રશેખરવિજયજી

પ્રથમ સંસ્કરણ : નકલ : ૨,૦૦૦
વિ. સં. ૨૦૩૦, વસંતપંચમી
તા. ૨૮-૧-૧૯૭૪

દ્વિતીય સંસ્કરણ : નકલ : ૨,૦૦૦
વિ. સં. ૨૦૩૩, કાર્તિકી પૂર્ણિમા
વીર સં. ૨૫૦૩, તા. ૬-૧૧-૧૯૭૬

સર્વાધિકાર સુરક્ષિત

મુદ્રક :
રાજુભાઈ સી. શાહ
કેનિમેક પ્રિન્ટર્સ,
મામુનાયકની પોળ, અમદાવાદ

મૂલ્ય રૂ. ૧=૦૦

# નિશ્ચય : વ્યવહારનય

એક હતું વન.

વસતું હતું; ત્યાં સિંહ-સિંહણનું એક યુગલ.

એક વખત સિંહણે બચ્ચાને જન્મ આપ્યો.

એ જ વખતે બકરાંના ટોળાને લઈને એક ભરવાડ ત્યાં આવ્યો.

સિંહણ બેભાન પડી હતી. સિંહ ત્યાં ન હતો. ભરવાડે પરિસ્થિતિનો લાભ ઉઠાવ્યો. નવપ્રસૂત બચ્ચાને ઉપાડી લઈને ચારે પગે ઊપડી ગયો; ગામ ભણી. બકરાંના ટોળામાં સિંહશિશુ ઊછરવા લાગ્યું. બચ્ચું તો સિંહનું હતું પણ એણે પોતાને બકરું માની લીધું. બાળ બકરાંની ભેળે રમે છે, ઘાસ ખાય છે, પાણી પીએ છે અને બકરાની જેમ બેં બેં કરતું દોડાદોડ કરે છે.

મહિનાઓ વીતી ગયા.

પોતે સિંહ છતાં પોતાને બકરું માનતું આ બાળ પોતાની જાતને વીસરી ગયું; સાવ જ વીસરી ગયું. પણ... એક દી આવ્યો. સહુ ચરતાં હતાં ચારો, સાથે રહીને બેં બેં કરતાં દોડતાં હતાં, આમથી તેમ દિલમાં દિલ મિલાવીને. ત્યાં એક ત્રાડ પડી. બધાં ય બકરાં-બકરી સ્તબ્ધ થઈ ગયાં, સહુનાં ગાત્ર કમ્પવા લાગ્યાં. સહુએ ઊંચે જોયું.

એક વિકરાળ સિંહ. હાય ! હવે શું થશે ? મોતનું ભૂત આંખ સામે નાચતું દેખાયું. જીવ બચાવવા સહુ જીવ લઈને દોડયા. પણ આ શું ? પોતાને આજ સુધી બકરું માનતું સિંહશિશુ કેમ દોડતું નથી ? પેલા સિંહની સામે ટગર ટગર કેમ જોઈ રહ્યું છે ?

સિંહશિશુના અંતરમાં એક અગમ્ય વલોપાત જાગી ગયો; સિંહના દર્શને ! પોતાનું કલ્પિત સ્વરૂપ આજે વેર-વિખેર થતું હતું.

'રે ! હું કોણ ?' પહેલો જ પ્રશ્ન એના લમણે ઝીંકાયો ! 'શું હું બકરું નહિ ?' અંતરમાંથી અવાજ આવ્યો. 'ના. ના. જરાય નહિ.' 'તો હું કોણ ?' "શું હું 'તે' છું ? સામે જે સિંહ છે તે હું છું ?" 'હા, જરૂર જરૂર." અંતર પુકારી ઊઠયું.

અને...અને....એકદમ ત્રાડ નાંખી, આજ સુધી બેં બેં કરતા સિંહના બચ્ચાએ. એ ચારે પગે કૂદ્યું....આગ ભરી મસ્તી એના રોમરોમમાં પ્રગટ થઈ. એ મસ્તીને એ જીરવી ન શકયું. એ દોડી ગયું. જઈને ઊભું રહ્યું, પેલા સિંહની પાસે. 'રે ! 'હું' તો તો 'તું' જ છું. હા. હા. તું તે જ હું. જરૂર. જરૂર. આપણા બેય ના સ્વરૂપમાં અસાધારણ સામ્ય દેખાય છે !' સિંહની સામે એકીટશે જોતી આંખો બરાડી ઊઠી. પણ ત્યાં તો મને બળવો પુકાર્યો ! સિંહગર્જના કરતું એ મનોમન બોલી ઊઠયું, "નહિ નહિ. હું તે હું જ છું, તું પણ હું નહિ. તું,

તું છે; હું, હું છું. અથવા તું હું એક જ છીએ માટે હું, હું જ છું.'

આ નાનકડું દષ્ટાન્ત નિશ્ચયનય અને વ્યવહારનયનું સ્વરૂપ સમજાવવા માટે ઠીકઠીક ખોરાક પૂરો પાડે છે. પ્રસ્તુત પ્રકરણમાં બે ય નયથી આપણે માત્ર આત્માનું સ્વરૂપ વિચારીશું; કેમકે આત્માના સ્વરૂપનો જ અહીં વિચાર કરવાનું આવશ્યક છે. વસ્તુના વાસ્તવિક સ્વરૂપનો વિચાર કરવાનું કાર્ય નિશ્ચયનયનું છે. નિશ્ચયની દૃષ્ટિ વસ્તુના શુદ્ધ સ્વરૂપને જ જુએ છે અને એમાં એને જે દેખાય તે જણાવે છે. જ્યારે વ્યવહારનયની દૃષ્ટિ એ જ વસ્તુનું વ્યવહારિક સ્વરૂપ શું છે તેની સામે જોઈને વસ્તુના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

નિશ્ચયનય અને વ્યવહારનય—બન્ને ય એ એક એક નય છે. એ કાંઈ પ્રમાણ નથી, એટલે આ બન્ને ય નય પોતપોતાના વિચારોને વળગી રહે છે. પ્રત્યેક નયને બીજા નયની વાત સાથે ઝાઝી નિસબત હોતી નથી. એની દૃષ્ટિ તો માત્ર પોતાની વાતને મજબૂત રીતે રજૂ કરવામાં જ કેન્દ્રિત થતી હોય છે. હા, પોતાની વાતને જોરદાર રીતે રજૂ કરવા જતાં એ બીજા નયના વિચારનું ખંડન કરવા પણ પ્રેરાય એ બને; પરંતુ એ ખંડન પરકીયનયના ખંડન માટેનું નથી હોતું; પરંતુ સ્વમતના મંડન પૂરતું હોય છે.

આમ નિશ્ચયનય સ્વમતની પુષ્ટિ માટે સ્વમતનું

મંડન કરવા વ્યવહારનું ખંડન પણ કરે, અને વ્યવહાર-નય સ્વમતની પુષ્ટિ માટે સ્વમતનું મંડન કરવા નિશ્ચય-નયનું ખંડન પણ કરે, પણ તેટલા માત્રથી એમ ન સમજી લેવું કે આ નયો એકબીજાને ધિક્કારી રહ્યા છે...ના. ધિક્કારમાં પરિણમતું ખંડન તો ખંડન માટેનું જ ખંડન હોય છે. આવી સ્થિતિ જ્યાં સુધી બની ન રહે ત્યાં સુધી જ નય તે નય બની રહે છે, આંશિક સત્ય બની રહે છે, પ્રમાણને પ્રાપ્ત કરાવવાનું સાધન બની રહે છે.

જ્યારે કોઈ નય પરકીયનયનું ખંડન કરવા જતાં ધિક્કારની ભાવનામાં જ એ ખંડનને પરિણમાવવાની ગંભીર ભૂલ કરી બેસે ત્યારે તે નય, નય મટી જઈને દુર્નય બની જાય છે. હવે એ દુર્નય અસત્ય બને છે. એનાથી પૂર્ણ સત્ય – પ્રમાણ – ની સન્મુખ થઈ શકાતું નથી. ભૂમિકાની આટલી વાત સ્પષ્ટ કરીને આપણે આગળ વધીએ. નિશ્ચયનયના પણ બે પ્રકાર છે : શુદ્ધ નિશ્ચયનય અને અશુદ્ધ નિશ્ચયનય. એ રીતે વ્યવહારનયના પણ બે પ્રકાર છે. અનુપચરિત વ્યવહારનય, અને ઉપ-ચરિત વ્યવહારનય. આમ બે નયના ચાર નય થયા.

આ ચારે ય નયને પૂછો કે તમારી દૃષ્ટિએ આત્મા (૧) પર્યાયથી ભિન્ન છે કે અભિન્ન ? (૨) કર્મથી ભિન્ન છે કે અભિન્ન ? (૩) શરીર વગેરેથી ભિન્ન છે કે અભિન્ન ? તમને ચારે ય ના જવાબ જુદા જુદા મળશે. કેમકે દરેકનો દૃષ્ટિકોણ જ જુદો છે, શુદ્ધનિશ્ચયનય તો આત્મા સિવાય બીજી કોઈ વસ્તુ જ માનતો નથી. આત્માને સચ્ચિદાનંદ

સ્વરૂપ જ માને છે. એ કહે છે કે આત્મા સ્વયંપર્યાયમય છે, સુખમય છે, એને કર્મ જેવો કોઈ જડ વળગાડ લાગ્યો જ નથી. કદી એ કર્મથી બંધાયો જ નથી, એ તો સદા કર્મમુક્ત છે. માટે જ એ કર્મનો કર્તા પણ નથી અને કર્મનો ભોક્તા પણ નથી. સદા શુદ્ધ, બુદ્ધ અને મુક્ત જીવના સિદ્ધ અને સંસારી એવા બે ભેદ જ કેમ પડી શકે? અશુદ્ધ નિશ્ચયનય કહે છે કે આત્મા પર્યાયમય નથી પરંતુ પર્યાયવાન્ છે. સુખાદિવાળો છે, દુઃખાદિ પર્યાયનો કર્તા છે અને ભોક્તા પણ છે. અનુપચરિત વ્યવહારનય કહે છે કે આત્મા કર્મમય છે, કર્મથી સુખદુઃખાદિવાળો છે. આત્માનો કર્તા ભોક્તા પણ છે. ઉપચરિત વ્યવહારનય કહે છે કે; આત્મા દેહમય છે, શરીર ધનાદિના કારણે સુખદુઃખાદિવાળો છે. શરીરાદિનો કર્તા–ભોક્તા પણ છે. નિશ્ચયનય કહે છે કે આત્મા જ્ઞાન આદિ ગુણો સ્વરૂપ જ છે. જ્ઞાનાદિવાળો નથી, જ્યારે વ્યવહારનય તો આત્માને જ્ઞાનાદિવાળો માને છે. શુદ્ધનિશ્ચયનયની દૃષ્ટિથી આત્મા એક જ છે. જગતમાં કોઈ બીજો આત્મા જ નથી. જ્યારે વ્યવહારનય તો એક બીજા આત્માને ભિન્ન ભિન્ન માને છે. જગતમાં અનંત આત્માઓનું અસ્તિત્વ સ્વીકારે છે.

નિશ્ચયનયથી દેહને આત્મા સાથે કંઈ લાગતું–વળગતું નથી, જ્યારે વ્યવહારનયથી તો આત્મા દેહ સંબદ્ધ છે.

આ બધાં ય તે તે નયનાં તે તે દૃષ્ટિબિંદુઓ છે. આમાંના એકના પણ દૃષ્ટિબિંદુને એમની અપેક્ષાથી ખોટો કહી ન શકાય. આત્મા કર્મમુક્ત છે એમ આત્મા કર્મયુક્ત પણ છે. નિશ્ચયનયની દૃષ્ટિથી આત્માનું મૂળ સ્વરૂપ કર્મવિહોણું જ છે. એને એક પણ કર્મ લાગ્યું જ નથી. પરંતુ વ્યવહારનય તો આત્માના વ્યવહારુ સ્વરૂપ તરફ જુવે છે એટલે એ કહે છે કે જો આત્મા કર્મમુક્ત હોય તો તે સિદ્ધપદ પામી ગયો હોય પરંતુ જે આત્મા સંસારી અવસ્થામાં જોવા મળે છે એ આત્માઓને કર્મમુક્ત કેમ કહી શકાય? એમને તો કર્મયુક્ત જ જાણવા જોઈએ.

શુદ્ધ નિશ્ચયનયથી તો આત્મા પોતે જ પોતાના વડે, પોતાના માટે, પોતાનાથી, પોતાનામાં શુદ્ધ છે; બુદ્ધ છે; અને મુક્ત છે. જગતમાં આત્માને કોઈ વડે, કોઈ માટે, કોઈથી, કોઈમાં કશું જ કરવાનું હોતું નથી. વ્યવહારનય કહે છે કે આવી વાત વ્યવહારમાં જોવા મળતી નથી. આત્મા ઉપર નિમિત્તની તો જોરદાર અસરો છે. આત્મા દેહાદિ માટે કાંઈક કરે પણ છે. માટે આત્મા સિવાય કોઈનો પણ આત્મા ઉપર ઉપકાર જ ન માનવો એ વાત વ્યવહાર–સંગત નથી થતી, માટે માની શકાય નહિ.

આ બે ય નયોની સાપેક્ષ વિચારણાથી સમજાય છે કે આત્મા સ્વરૂપથી તો સિંહ છે; પરંતુ કર્મના યોગે પોતાને બકરી માની બેઠો છે. એથી જ એ વિષયકષાયનાં ઘાસ ખાય છે, અને અહંભાવથી બેં બેં કર્યા કરે છે. જ્યારે

આ આત્માને પરમાત્માનું સ્વરૂપ દેખાડી દેવામાં આવે ત્યારે જ એને પોતાના એ પરમાત્મસ્વરૂપનું ભાન થઈ જાય છે. પછી એ પેલાં ઘાસ ખાવાનું અને એ બેં બેં કરવાનું બંધ કરી દે છે.

આમ શુદ્ધ નિશ્ચયદૃષ્ટિથી જીવમાત્રનું શુદ્ધ સ્વરૂપ અને જીવમાત્રનું એકત્વ જેટલું સાચું છે તેટલું જ સાચું વ્યવહારદૃષ્ટિનું જીવમાત્રનું અશુદ્ધ સ્વરૂપ અને જીવમાત્રનું અનેકત્વ સાચું છે. આપણે એકે ય વાતનો અપલાપ કરી શકીએ તેમ નથી.

જીવમાત્ર જીવત્વ ગુણથી સમાન હોવા છતાં એક શ્રીમંત છે, બીજો ભિખારી છે. એક નીરોગી છે, બીજો રોગી છે. એક પિતા છે, બીજો પુત્ર છે. એક ગુરુ છે, બીજો શિષ્ય છે ઇત્યાદિ ભેદો તો જોવા મળે જ છે. તો શું આ ભેદદર્શન એ નર્યું ગપ્પ છે? શું સ્ત્રી એ સ્ત્રી જ નથી? શું માતા એ માતા જ નથી? શું સ્ત્રી અને માતા બે ય જીવને સમાન છે? શું એવી સમાનતાની રૂએ એ બે ય જીવ સાથે તુલ્ય વ્યવહાર થઈ શકે ખરો? જગતના જેટલા પુરુષો પોતાની પત્ની અને માતા તરફ અસમાન વ્યવહાર રાખતા હોય તે બધાએ વ્યવહાર-નયને પણ માન્ય કર્યો કે નહિ? નિશ્ચયનયના સ્વરૂપની વાત ભલે તેઓ કરે પરંતુ તેમણે ય વ્યવહારનયને અમાન્ય તો ન જ કર્યો ને? તો પછી વ્યવહારનયને

અસત્ય-ઉપચાર-નકામો-મિથ્યા કહીને વખોડી કેમ શકાય? જેટલું નિશ્ચયનયનું મંતવ્ય સત્ય છે એટલું જ વ્યવહારનયનું મંતવ્ય સત્ય છે. બે નયને પોતપોતાની અપેક્ષાએ તદ્દન સાચા કહેવા જ જોઈએ.

હા, નિશ્ચયનયની દૃષ્ટિથી વ્યવહારનય ઉપચરિત-નકામો-મિથ્યા-અસત્ય જરૂર કહી શકાય, પરંતુ વ્યવહારનયની અપેક્ષાથી તો વ્યવહારનય તદ્દન સાચો ખરો જ ને?

વળી વ્યવહારનયની દૃષ્ટિથી તો નિશ્ચયનય પણ નકામો-મિથ્યા-અસત્ય ક્યાં નથી?

એટલે 'વ્યવહારનય ઉપચાર છે, વસ્તુ ચિંતનમાં નિરુપયોગી છે, મિથ્યા છે' એવું કથન નિશ્ચયનયની દૃષ્ટિથી જરૂર મંજૂર છે, પણ કોઈ એ કથનને એકાન્તિક બનાવતું હોય તો તે કથન જરાય મંજૂર ન હોઈ શકે.

સ્થૂલદૃષ્ટિ જીવને એમાં અનેક ગૂંચોનાં જાળાં દેખાય છે, સૂક્ષ્મદૃષ્ટા તો એ જાળાઓના તંતતંતમાં અદ્ભુત ગૂંથણીનું દર્શન કરીને આનંદઘેલો બની જાય છે. સાચે જ નિશ્ચયવ્યવહારની ગૂંચોના જાળામાં અનંત આત્માઓ ફસાયા, અનંત સંસારની ભેંકાર ખીણમાં પટકાયા! ગુરુગમ વિના એ ગૂંચ ઉકલતી નથી. સ્વયં ઉકેલવા જનાર એમાં વધુ ને વધુ ફસાતો જ રહે છે. આજે આપણે એ નિશ્ચયવ્યવહાર ઉપર જ કાંઈક વિચારવું છે.

નિશ્ચયદૃષ્ટિ એ વસ્તુમાત્રનું વાસ્તવ સ્વરૂપદર્શન છે, જ્યારે વ્યવહારદૃષ્ટિ એ વસ્તુસ્વરૂપનો સાક્ષાત્કાર કરવા

માટેનું જરૂરી (વ્યવહારુ) સાધન છે. નિશ્ચદષ્ટિથી આત્મા શુદ્ધ, બુદ્ધ અને મુક્ત છે; સચ્ચિદાનંદ સ્વરૂપ છે; પરંતુ વ્યવહારદષ્ટિથી એ અશુદ્ધ, અબુદ્ધ અને કર્મથી બદ્ધ છે. બે ય દષ્ટિ સાચી છે. બે ય દષ્ટિ ખોટી પણ છે.

પોતપોતાના સ્થાને પોતે સાચા, બીજાના સ્થાને પોતે ખોટા છે. નિશ્ચયદષ્ટિથી વ્યવહારદષ્ટિ મિથ્યા છે, વ્યવહારદષ્ટિથી નિશ્ચયદષ્ટિ પણ એટલી જ મિથ્યા છે.

પર્વતની ટોચે ઊભેલાને તળેટીના માણસો વહેંતીઆ જેવડા લાગે છે અને તળેટીએ ઊભેલા માણસને તે જ માણસો સાડા ત્રણ ફૂટના લાંબા લાગે છે. બેમાં કોણ ખોટું ? કોણ સાચું ? તમારે કહેવું જ પડશે કે અમુક અમુક દષ્ટિએ બે ય ખોટા છે, અમુક દષ્ટિએ બે ય સાચા છે.

નિશ્ચયદષ્ટિ પોતાના સ્થાને જેટલી બળવાન છે, જેટલી સાચી છે, એટલી જ બળવાન અને એટલી જ સાચી વ્યવહારદષ્ટિ છે. તમે મગર અને હાથીની વાત સાંભળી હશે. સ્થળ ઉપર રહેલા હાથીએ પોતાનો પગ પાણીમાં મૂકયો. મગરે તે પગ પકડી લીધો. હાથી વિચાર કરે છે કે "સ્થળમાં હું બળવાન," મગર વિચારે છે કે, "જળમાં હું બળવાન." સ્થળમાં બળવાન હાથી જળમાં તો તદ્દન દુર્બળ જ છે. જળમાં બળવાન મગર સ્થળમાં એટલો જ દુર્બળ જ છે. બે ય બળવાન છે, બે ય દુર્બળ જ છે. ટૂંકમાં કહેવાનો આશય એ છે કે આપણે નિશ્ચયને સત્યનું સ્વરૂપ કહીએ છીએ અને આરોપાત્મક

કહીને વ્યવહારને અસત્ય સ્વરૂપ માનવા પ્રેરાઈએ છીએ. આપણી આત્મહત્યા માટેની આ ભયાનક ભ્રમજાળ છે, બેશક, નિશ્ચયના ચશ્માથી વ્યવહાર એ અસત્ય છે પણ એ વાત કેમ ભૂલી જવાય છે કે વ્યવહારના ચશ્માથી નિશ્ચય પણ એટલો જ અસત્ય છે ?

શાસ્ત્રમાં તો જે સ્થાને નયને પુષ્ટ કરવો હોય તે નયને જ મહત્ત્વ આપી દેવામાં આવે. પરંતુ તેટલા માત્રથી તે નયની જ વાત એકાન્તે સાચી છે; બીજા નયોની વાત જૂઠી છે એમ કદી ન કહી શકાય.

જ્યારે શાસ્ત્રમાં દાનધર્મનું વર્ણન ચાલતું હોય છે ત્યારે દાન જ ધર્મ છે, દાન વિના મોક્ષ સંભવે નહિ... વગેરે વગેરે વાતો જોરશોરથી રજૂ કરવામાં આવે છે.

વળી ક્યાંક શીલધર્મનું વર્ણન આવે ત્યારે ત્યાં શીલ જ ધર્મ છે, શીલવિહોણા માનવોના બીજા બધા ય ધર્મો નિષ્ફળ છે...વગેરે વગેરે વાતો જણાવવામાં આવી હોય છે. એ જ રીતે તપધર્મ અને ભાવધર્મની મહત્તાઓ પણ બતાવવામાં આવી છે.

હવે કોઈ માણસ દાનધર્મનું વર્ણન વાંચીને 'દાન જ ધર્મ છે.' એવા શાસ્ત્રવચનને પકડીને તેને એકાન્તથી દુષિત કરી દે અને શીલ વગેરે ધર્મો જ નથી એમ કહીને શીલાદિ ધર્મોને ધિક્કારી દે તો તે કેમ ચાલે ? એજ રીતે શીલધર્મનું ગૌરવ વાંચીને કોઈ તેને જ એકાન્તે પકડી લે અને દાનાદિ ધર્મોને ધિક્કારે તો ય કેમ ચાલે ?

દાનાદિ ધર્મોનાં વર્ણન તો નયદૃષ્ટિપૂર્વકનાં હોય છે. એટલે તે તે નય પોતાને માન્ય ધર્મની મહત્તાને ભલે જોરશોરથી વર્ણવે છતાં બીજા ધર્મો તરફ તેને ધિક્કારભાવ તો ન જ હોય, હા; આંખમીંચામણાં જરૂર હોઈ શકે. પણ આ વાતને સમજવા વિના કદાગ્રહથી કોઈ એક જ વાતને પકડી લે તો તે વિચાર નયવિચાર ન બની રહેતાં દુર્નયવિચાર બની જાય.

આવાં વર્ણનો વાંચીને આ રીતનું સમાધાન કરવું જ જોઈએ કે હા, દાન જ ધર્મ છે. પણ મુખ્યત્વે ધનવાનની અપેક્ષાએ.

હા, શીલ જ ધર્મ છે, પણ વ્યભિચારી માણસની અપેક્ષાએ. હા, તપ જ ધર્મ છે, પણ રસલોલુપી આત્માની અપેક્ષાએ. જો આવી અપેક્ષાને વિચારવામાં ન આવે તો ધનવાનો પણ શીલને જ ધર્મ તરીકે પકડી લઈને 'દાન'-ધર્મથી વંચિત બની જાય.

રસલોલુપીઓ દાનને જ ધર્મ માનીને તપધર્મથી વંચિત રહી જાય. વ્યભિચારી માણસો દાનથી જ કૃતકૃત્યતા માની લે.

જેવું દર્દ તેવું ઔષધ. કોઈ પણ ઔષધ ઉપર એકાન્ત હિતકારકતા ઠોકી ન બેસાડાય. આયુર્વેદના ગ્રંથમાં હજારો ઔષધિઓની મહત્તાઓ ગાવામાં આવી છે. જયારે હરડેનું વર્ણન કર્યું છે ત્યારે કહ્યું છે કે 'યસ્ય નાસ્તિ જગતિ માતા તસ્ય માતા હરિતકી, કદાચિત્

કુપ્યતિ માતા ન કદાચિત્ હરિતકી'—જગતમાં જેની કોઈ માતા નથી તેની માતા હરિતકી છે. હજી જન્મદાત્રી મા ગુસ્સે ભરાય પણ હરડે–મા તો કદી ગુસ્સો ના કરે.

બીજી એક જગાએ અજમાના ગુણ ગાતાં કહ્યું છે. કે 'જગતમાં મુખ્યત્વે ત્રણ જ માતાઓ છે. જન્મદાત્રી મા, ચુરમા, અને અજમા.'

હવે જુઓ મજા...અહીં માતા હરડેને તો યાદ જ કરવામાં આવી નથી, અન્યત્ર દૂધને અમૃતની ઉપમા આપી છે તો બીજે કયાંક છાશને અમૃત કહ્યું છે.

આવી તો અનેક વાતો છે કે જેને નિરપેક્ષ રીતે વિચારતાં આપણું મગજ ચક્કરમાં જ પડી જાય. આ બધી વાતોનો મેળ બેસાડવો હોય, ઉક્ત બધી સાચી વાતોને સાચી જ ઠરાવવી હોય તો સાપેક્ષ રીતે વિચાર કરવો જ રહ્યો. એમ કહેવું જ રહ્યું કે કબજિયાતના દર્દીની અપેક્ષાએ વિચાર કરતાં તો હરડે જ મા છે; પણ વાયુના દર્દી માટે અજમો જ મા છે. વીર્યની દુર્બળતાના દર્દીની અપેક્ષાએ તો દૂધ જ અમૃત છે પરંતુ સંગ્રહણીના દર્દીની અપેક્ષાએ તો દૂધ ઝેર છે અને છાશ જ અમૃત છે.

જો તમે અપેક્ષા નહિ લગાડો તો ઝઘડો થઈ જશે. અપેક્ષા લગાડશો તો તેને તે અપેક્ષાએ તે વસ્તુ સારી ગણાશે, અને બીજી અપેક્ષાએ તે જ વસ્તુ ખરાબ પણ ગણાશે.

દૂધને અમૃત પણ કહેવાય; ઝેર પણ કહેવાય. તમે એવી અપેક્ષા કદી ન રાખી શકો કે દૂધને માટે એક જ વાત કહો....કાં તો અમૃત જ કહો, કાં તો ઝેર જ કહો. અહીં આ રીતે જ સમાધાન થઈ શકશે કે વીર્યક્ષીણતાના દર્દીને માટે દૂધ જ સર્વસ્વ....પણ સંગ્રહણીના દર્દીને માટે તો દૂધ જેવું બીજું ઝેર કોઈ ન કહેવાય.

હવે આવી કોઈ અપેક્ષા જ પકડવામાં ન આવે અને દૂધને એકાંતે અમૃત સ્વરૂપ માની લઈ ને સંગ્રહણીના દર્દીને પણ દૂધવટી કરાવવામાં આવે તો એ બિચારો વહેલો જ મરી જાય ને ? જે અપેક્ષાએ દૂધ અમૃત છે તે અપેક્ષાના વર્તુળમાં જ દૂધ અમૃત છે........બીજી અપેક્ષાના વર્તુળમાં એ જ દૂધ ઝેર છે. સંગ્રહણીના દર્દીનો જ્યારે વિચાર કરવામાં આવ્યો હોય ત્યાં છાશને જ અમૃતની ઉપમા આપેલી હોય અને દૂધને તો સખ્ત શબ્દોમાં વખોડી નાંખવામાં આવ્યું હોય.

પણ તેથી શું સદા માટે દૂધ સખ્ત શબ્દોમાં વખોડી નાંખવા લાયક ચીજ બની જાય ખરી ? ના, જરાય નહિ.

સમયસાર ગ્રંથના મૌલિક પદાર્થોને ઉપાધ્યાયજી ભગવાન યશોવિજયજી મહારાજાએ અધ્યાત્મસાર ગ્રન્થના આત્મનિશ્ચય અધિકારમાં વિસ્તારથી ઉતાર્યા છે. ત્યાં એમણે નિશ્ચયનયની શુદ્ધ અને અશુદ્ધ દષ્ટિથી આત્માનું સ્વરૂપ દર્શાવતાં કહી દીધું છે કે....

જેમણે આત્મા જાણ્યો તેણે સઘળું જાણ્યું (શ્લોક, ક્રમાંક. નં. ૬૭૯)

અહો ! કર્મે સર્જેલા કર્મના વિકારોનો આત્મામાં આરોપ કરી દઈને વ્યવહારવાદીઓ ભીમ ભયાનક સંસારમાં ભટક્યા કરે છે. (૬૯૩)

આ રીતે કર્મે કરેલા ભેદોને અજ્ઞાની માણસ આત્મામાં જ માની લેવાની ભૂલ કરી બેસે છે. (૬૯૪)

વ્યવહારદૃષ્ટિમાં જે સંસાર ભાસમાન થાય છે તે સંસાર નિશ્ચયદૃષ્ટિમાં જ્ઞાની આત્માને દેખાતો જ નથી. તેને તો આત્મા શુદ્ધ સ્વરૂપે જ ભાસતો હોય છે. (૭૦૫)

શુદ્ધ નિશ્ચયનયથી આત્માઓનો ભેદ ભ્રાંત સાબિત થઈ જાય છે. (૭૦૮)

જગતમાં આત્મા એક જ છે. અનંત આત્માઓની કલ્પના ભ્રાંત છે. (૭૦૯)

અફસોસની વાત છે કે વિવેકશૂન્ય આ સંસારને અમૂર્ત આત્મામાં મૂર્તતાનો ભ્રમ થઈ ગયો છે. (૭૧૮)

જીવ એ નથી તો પુણ્ય-પાપ કર્મવાળો કે નથી તો પુણ્ય-પાપ સ્વરૂપ. (૭૩૬)

રાગાદિ ક્લેશયુક્ત એક જ સંસાર છે, સંસાર બીજી કોઈ વસ્તુ નથી. (૭૬૦)

આત્મા પુણ્યપાપનો કર્તા છે જ નહિ. (૭૮૭)

આત્મા તો રાગ-દ્વેષના ભાવોને જ ઉત્પન્ન કરે છે. કર્મોના સ્કન્ધોને ખેંચવાની ક્રિયા આત્મા કરતો જ નથી. (૭૯૧)

શુદ્ધ નિશ્ચયનયની તો એ સ્થિતિ છે કે આત્માએ પુણ્યપાપ-મુક્ત સવિકલ્પસ્વરૂપ નિત્ય બ્રહ્મમય આત્માનું

જ તત્ત્વતઃ ધ્યાન ધરવું જોઇએ. (૮૦૭)

વ્યવહારનયથી મૂઢ બનેલા આત્માઓ બાહ્ય અહિંસાદિને જ સંવરાદિસ્વરૂપ કહે છે. અને તેને જ મોક્ષાદિના ફળમાં હેતુ માને છે. આથી જ ધર્માદિના અર્થે અહિંસાદિ બાહ્ય ક્રિયામાં દત્તચિત્ત બનેલા તેઓ નિશ્ચયનયના નિગૂઢ તત્ત્વને જાણતા નથી. (૮૧૪)

શુદ્ધ નિશ્ચયનયથી તો આત્મા સદા શુદ્ધ છે એટલે તેને તો ભાવનિર્જરા સંભવતી જ નથી. (૮૪૨)

આત્મા કદી કોઈથી બંધાતો જ નથી. હા, 'બંધાઈ ગયા'ની શંકા પડી જતાં માત્ર ભયભીત થાય છે કે કમ્પ વગેરે કરે છે. (૮૪૯)

અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા શુભાશુભ ભાવોથી બંધાતો–મુકાતો હોય છે પરંતુ શુદ્ધ નિશ્ચયનયથી તો આત્મા નથી કોઈથી ય બંધાતો કે નથી કોઈથી ય મુકાતો. જે બંધાતો જ નથી તેને મુકાવાનું શું હોય? (૮૬૬)

દિગંબરાચાર્ય કુંદકુંદનો સમયસાર ગ્રંથ નિશ્ચય–નયની દૃષ્ટિનો ગ્રંથ છે. એટલે તેમાં નિશ્ચયનયથી આત્માનું સ્વરૂપ–વર્ણન જોવા મળે તે તદ્દન સહજ છે. છતાં એક વાત બરોબર ખ્યાલમાં રાખવાની જરૂર છે કે એ ગ્રંથમાં પણ અનેક સ્થળે વ્યવહારનયનાં મંતવ્યો સ્પષ્ટ શબ્દમાં મૂકયાં છે. વ્યવહારનયનું મંતવ્ય આ છે.... એમ કહીને અનેકત્ર નિમિત્તની ઉપાદાન ઉપર અસર....વગેરે ઘણી વાતો ખુલ્લા શબ્દોમાં જણાવી છે.

અધ્યાત્મસાર ગ્રંથમાં પણ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ આખો આત્મનિશ્ચય અધિકાર સમયસારને નજરમાં રાખીને બનાવ્યો હોવાથી તેમાં ઠેર ઠેર શુદ્ધ અશુદ્ધ નિશ્ચયનયનાં મંતવ્યો જોવા મળે એ તદ્દન સહજ છે. ઉપરોક્ત સોળ મંતવ્યો નિશ્ચયનયને સંપૂર્ણ રીતે પુષ્ટિ આપે છે. આપણે પૂર્વે જોઈ ગયા કે એક નય જ્યારે સ્વમતની પુષ્ટિમાં ઊંડો ઊતરે એટલે એ પુષ્ટિના અવિભાજ્ય અંગ સમા પરનયનું ખંડન તેને કરવું પણ પડે. ઉપરોક્ત મંતવ્યોમાં પણ વ્યવહારનું ખંડન જોવા મળે છે, પણ એટલા માત્રથી રખે કોઈ એમ માની લેવાની ભૂલ કરે કે જિનદર્શન તો આત્માને શુદ્ધ, બુદ્ધ, મુક્ત જ માને છે; આત્માને એકાન્તે જડની કોઈ જ અસર નથી....વગેરે....

કેમકે જિનદર્શન એ એકાન્ત દર્શન નથી, એ તો અનેકાન્તદર્શન છે. સિવાય બ્રહ્મચર્યની વાત–સર્વત્ર–અનેકાન્ત છે એટલે જિનદર્શનના નામે કોઈ પણ વાતને એકાન્તે પકડી શકાય જ નહિ. આજે કેટલાંક અસંયતિના દયા–દાનમાં એકાન્તે પાપ બંધ કહે છે, "જો લોકો અનેકાન્તવાદને સમજતા હોય તો આવાં નિરપેક્ષ એકાન્તિક વિધાનો જિનદર્શનનાં હોઈ શકે જ નહિ એવું ખુલ્લં-ખુલ્લા જણાવી શકે.

નિરપેક્ષ વાક્યમાં એકાન્ત લગાડી શકાય જ નહિ. હા, સાપેક્ષ વાક્યમાં એકાન્ત હોઈ શકે. (વસ્તુતઃ સાપેક્ષતા જ અનેકાન્ત છે.)

જેમ કે, 'દૂધ ઝેર જ છે.' આવું કોઈ પણ અપેક્ષા લગાડયા વિનાનું વાકય સાવ મિથ્યા ગણાય. પરંતુ 'સંગ્રહણીના દર્દીની અપેક્ષાએ તો દૂધ જ ઝેર છે' એમ સાપેક્ષ રીતે એકાન્તે જરૂર કહી શકાય, આવું જ નિશ્ચયનય અને વ્યવહારનયની વાતોમાં સમજવાનું છે.

આવી વસ્તુસ્થિતિ હોવાથી જ સમયસાર ગ્રંથમાં પણ સ્થાને સ્થાને વ્યવહારનયનાં મંતવ્યો રજૂ કરવામાં આવ્યાં છે. જો તે રીતની સમતુલા જાળવવામાં ન આવે તો નિશ્ચયનય 'એકાન્તથી દુષિત બની જતાં દુર્નય બનીને મિથ્યા નય બની જાય. જિનશાસન તો નયોના સમૂહરૂપ પ્રમાણ શાસન છે; એ કાંઈ દુર્નયોનો સમૂહરૂપ અપ્રામાણિક શાસન નથી. જયાં એની વાતમાં કોઈએ 'જ' કાર જોડીને દુર્નય બનાવ્યો ત્યાં એ વાત સારામાં સારી હોવા છતાં બીજા નય પ્રત્યેના ધિક્કારભાવને વ્યક્ત કરતાં 'જ'કારના કાદવમાં પડી ગઈ! હવે એને મસ્તકે ન ચડાવાય. કહ્યું છે ને કે સારામાં સારી પણ ચંપાની માળા કાદવમાં જઈને પડે તો તે ગળામાં ધારણ કરવા માટે નાલાયક ઠરી જાય છે. સંડાસમાં પડેલો ચોકખા ઘીનો લાડુ પણ ખાવા લાયક ગણાય છે ખરો? આત્મા શુદ્ધ, બુદ્ધ, મુક્ત છે. એને કર્મ લાગતું જ નથી...વગેરે નિશ્ચયનયની વાતોને જો વ્યવહારનયનાં મંતવ્યો પ્રત્યેના ધિક્કારમાં પરિણમાવી દેવામાં આવે તો જિનશાસ્ત્રની જ એ વાતો ઉત્સૂત્રો બની જાય છે. પછી એ વાતો જિનશાસનની રહેતી જ નથી. કેમકે જિના

ગમની કોઈ પણ રજૂઆત 'સાપેક્ષ' જ હોય છે. જો તે રજૂઆતને નિરપેક્ષ રીતે પકડી લેવામાં આવે તો તેને જિનાગમનું વચન જ નહિ કહેવાય.

આત્માનું શુદ્ધ, બુદ્ધ; મુક્ત સ્વરૂપ છે એટલે નિશ્ચયનયની દૃષ્ટિથી એ સ્વરૂપ વર્ણન નિશ્ચયનય દૃષ્ટિના ગ્રંથોમાં ઊભરાઈ જતું જોવા મળે જ. જોરદાર પુષ્ટિ પૂરતી વ્યવહારનયનાં મંતવ્યોની ઠેકડી ઉડાવેલી પણ જોવા મળે જ. પણ તેટલા માત્રથી, 'જિનશાસનને વ્યવહારનય માન્ય જ નથી.' એવું જો કોઈ પ્રતિપાદન કરી દેતું હોય તો એ તેનું ભયંકર સાહસ કહેવાય. જિનાગમોમાં બીજાં એવાં અઢળક સ્થાનો છે, જ્યાં વ્યવહારનયનું સમર્થન જોરશોરથી કરવામાં આવ્યું જ છે.

આમ જિનાગમોમાં નિશ્ચયનયની દૃષ્ટિનું આત્માનું સ્વરૂપવર્ણન અને વ્યવહારદૃષ્ટિનું સ્વરૂપવર્ણન બેય જોવા મળે છે. પરંતુ અનાદિકાળથી સંસારી આત્માને રસિકતાનો જે ભયંકર વિભાવ-સ્વભાવ લાગુ પડયો છે તે ધર્મનો ગ્રંથોને પણ અધર્મના પોષક બનાવવાનો ખૂબ જ હત્યારો પ્રયત્ન કરતો જ આવ્યો છે. શાસનપતિ ભગવાન મહાવીરદેવના સમયમાં પણ એવાં અનેક પાખંડો ફેલાયાં હતાં. આજે પણ એવાં તોફાનો ચાલતાં જ રહ્યાં છે. ભોગરસિક આત્માઓને ધર્મ-ગ્રંથોની સાક્ષી સાથે આવી વાતો કરવામાં આવે એટલે એમને મોટો તડાકો પડી જાય છે. કહેવાય મહાધાર્મિક અને ભોગવાય ભોગો; પેટ ભરીને.

નિશ્ચયદૃષ્ટિના આત્માના સ્વરૂપવર્ણનને રજૂ કરીને કેટલાય પથ્થરની હોડી સમા ધર્મગુરુઓએ ભદ્રક જીવોને ઉન્માર્ગે ચડાવવાનું અઘોર પાપ આચરી નાંખ્યું છે. એમણે નિશ્ચયનયની જ દેશના પકડી; એમાં 'એકાન્ત' ઠોકી ઘાલીને વ્યવહારનયને ઉડાડી મૂકયો. લોકોને શાસ્ત્રના પાઠો સાથે જણાવી દીધું કે, "આત્માના કલ્યાણ માટે વ્યવહારનયના તપ-ત્યાગ-ક્રિયાકાંડની કશી જરૂર નથી. રે! વ્યવહારનય પોતે જ જૂઠો છે માટે એનાં તમામ મંતવ્યો જૂઠાં છે. આત્માનું કલ્યાણ કરવું હોય તો આત્માને જ ઓળખો, જેણે આત્માને જ ઓળખ્યો એની હથેળીમાં મોક્ષ આવીને પડયો જ સમજો, ઇત્યાદિ."

આ બધા ય શબ્દો જરૂર શાસ્ત્રમાં મળી જ આવશે. નિશ્ચયનયની દૃષ્ટિનું જ્યાં જ્યાં વર્ણન હશે ત્યાં આવી જ વાતો મળી જવાની. એટલે એ કહેવાતા ધર્મગુરુઓ શાસ્ત્રો રજૂ કરી જગતના ભદ્રક લોકોને મૂંઝવી નાંખવાના: વ્યવહારનયના તપત્યાગાદિથી ભ્રષ્ટ કરી દેવાના.

નિશ્ચયનયની પોષક વાતો લોકોની સમક્ષ મૂકવામાં એ ધર્મગુરુઓને ખૂબ મોટી સંખ્યાનો અનુયાયી વર્ગ મળી જાય તેમાં કશી નવાઈ નથી. કેમકે એકાન્ત નિશ્ચયનય (દુર્નય)માં તપત્યાગાદિને જલાંજલિ દઈને પણ ધર્મી તરીકે ગણાવી શકવાનું મોટામાં મોટું પ્રલોભક તત્ત્વ પડેલું છે. "ખાઓ, પીઓ, હરો, ફરો, સિનેમા જુઓ, બોલડાન્સ કરો, પરદેશોમાં જાઓ, દેવગુરુનાં

દર્શન વંદનાદિ કરો કે ન કરો...નિશ્ચયનય તો કહે છે કે આત્માને ઓળખો, સ્વરૂપનું ભાન કરો....પછી ગમે તે સ્થિતિમાં મોક્ષ પામી શકો છો," કેવી મજેની વાત! જગતને ઠગવા માટેનું કેવું અમોઘ શસ્ત્ર!

સંસારનાં સર્વ પાપોથી ચૂરચૂર જીવનના સ્વામી બનવા છતાં તમે એક જ વાત દુનિયાને કહેતા ફરો કે, "મેં આત્માને ઓળખ્યો છે, આ તો પુદ્ગલ, પુદ્ગલ સામે રમતો કરે છે. રૂપરમણી નારીઓના દેહ મારા દેહને જ આલિંગ્યા કરે છે,....બાકી આત્માને કોઈ અડતું જ નથી; રાત દિવસ પાર્ટીઓ અને મહેફિલો ઊડે છે. પરંતુ એ બધા જડ પુદ્ગલોની સ્પર્શના તો દેહને થાય છે, આત્મા તો સચ્ચિદાનંદ સ્વરૂપનો સ્વામી છે, એને તો કર્મનું તણખલું ય વળગી શકતું નથી તો ડીનર-પાર્ટીના મરઘીના માંસ કે સેન્ડવીચ-ચીકનની તો શી તાકાત છે કે અડે?"

બસ....તમારું કામ પતી જાય છે. ગમે તે સ્થિતિમાં ધર્માત્મા તરીકેનું બિરૂદ સહેલાઈથી પ્રાપ્ત કરી લો છો. આથી જ નિશ્ચયનયની વાતોને એકાન્તે પકડીને ઢગલાબંધ મતમતાન્તરો ઊગી નીકળતા જોવા મળે છે; પરંતુ તપત્યાગ, ક્રિયાકાંડ વગેરેના આવશ્યક જણાવતા વ્યવહારનયની વાતોને એકાન્તે પકડીને ચાલનારો એક પણ મત નીકળ્યો હોય તેવું હજી સુધી તો જોવા-સાંભળવા મળ્યું નથી. એકાન્ત વ્યવહારનો મત તો ભારે પડી જાય

તેવો છે. માણસ તપ, ત્યાગ, ક્રિયાકાંડ કરે તો જ ધર્મી તરીકેનું બિરુદ પામે. તપ ત્યાગાદિનાં અનુષ્ઠાનો કાંઈ ઓછાં કઠોર છે ? અરે ! રાડ પડાવી દે તેવાં એ અનુષ્ઠાનો છે !'

આના કરતાં પેલા નિશ્ચયનયની વાતો જ કેવી મજેની ? બાહ્ય બધો સંસાર ભોગવી શકાય અને 'આત્માની ઓળખ થઈ ગઈ છે.' એટલું માત્ર કહી દઈને મહાધર્માત્મા તરીકે સસ્તામાં સસ્તી અને સહેલામાં સહેલી રીતની નામના આબાદ મેળવી લેવાય.

નિશ્ચયનયની વાતોનાં આ જોખમોને મહાપુરુષોએ સારી રીતે નજરમાં રાખ્યાં હતાં. એ નિરૂપણો કરતાં કરતાં પણ એમના અંતરમાં એ ભય તો ડોકાં દઈ જ રહ્યો હતો કે આ વાતો જો ભોગરસિક આત્માના હાથે ચડી જાય તો ભયંકર ભ્રષ્ટાચાર ફેલાવી દે...અને તે ય ધર્મના જ નામે.

કદાચ પ્રશ્ન થશે કે, 'જો આ વાસ્તવિક ભયનો એમને ખ્યાલ આવી ગયો હતો તો તેમણે તે નિશ્ચય-નયની દૃષ્ટિનાં પ્રતિપાદનો કર્યાં જ શું કરવા ?

બેશક, આ પ્રશ્ન ખૂબ જ વાજબી છે, પરંતુ એવા ભયની સાથે સાથે એ પ્રતિપાદનો દ્વારા જગતના જીવોની કલ્યાણપરંપરા પણ એમની નજરમાં હતી જ. અગણિત આત્માઓ આત્માના વાસ્તવસ્વરૂપને જાણીને એ વાસ્તવ-સ્વરૂપને પામવાની આગભરી વેદના પામશે; એ વેદનામાંથી

એમને તીવ્ર સંવેદનાઓ જાગશે...એથી એ શુદ્ધ સ્વરૂપને પામવાનો માર્ગ ખોળશે; રે ! એ ખાતર જગત આખું ખૂંદી વળશે. પછી એમને જે વ્યવહારમાર્ગની પ્રાપ્તિ થશે એનું અવલંબન લઈને નિશ્ચયનયનું શુદ્ધાત્મસ્વરૂપ તેઓ પ્રાપ્ત કરશે. આવી કલ્યાણ–પરંપરાનું ભવ્યતમ બીજ પણ નિશ્ચયનયના પ્રતિપાદનમાં પડ્યું હતું. પરાર્થરસિક મહર્ષિઓએ એ બીજનું દર્શન કર્યું.... એમનો પરાર્થરસિકતાનો સાગર એ બીજ–ચન્દ્રના દર્શને ઉછાળા મારવા લાગ્યો......બસ.........

એની જ ફલશ્રુતિરૂપે નિશ્ચયનયની દષ્ટિનાં મંગળ ગીતો એમના કંઠે લલકારી નાંખ્યાં, પુસ્તકના પાને એ ગીતો કંડારાઈ ગયાં !

હવે પ્રશ્ન રહ્યો; કેટલાક આત્માઓના અકલ્યાણનો. ....પણ એ માટે તેઓ નિરુપાય હતા. એમની અવળી મતિના કારણે અવશ્ય થનારા અકલ્યાણને તેઓ તો શું ? ખુદ પરમાત્મા પણ રોકી શકે તેમ નથી. છતાં એમનાં અહિતનો વિચાર કરીને નિશ્ચયનયનું મંન્તવ્ય ગ્રન્થસ્થ કરવાની માંડવાળ કરે તો અનેક મુમુક્ષુઓની આધ્યાત્મિક પ્રગતિમાં જરૂરી પ્રચંડ બળનો વિરહ પડી જાય. આ કાંઈ જેવી તેવી હોનારત ન ગણાય ! જેને પામવું છે એને બીજાં હીન–તત્ત્વોના કારણે પામવાનું જ ન મળે એ તો પાડાના વાંકે પખાલીને ડામ દેવા જેવું થાય.

વળી જો ઉક્ત વિચાર ન્યાયી જ હોય તો તીર્થંકરો ધર્મની સ્થાપના કરી ન શકત. કેમકે એ નયમય સ્યાદ્વાદ વાણીના પ્રકાશનના કારણે જ કદાગ્રહી માનસવાળા માણસોએ દુર્નયોના અધર્મો ફેલાવ્યા ને ? હવે જો એમની જ કરૂણા વિચારવામાં આવી હોત તો એ જ સ્યાદ્વાદથી અનંત આત્માઓના સાક્ષાત્ કે પરંપરયા જે કલ્યાણ થઈ શકે છે તેનો જન્મ જ ન થાત. કરૂણા પણ કોની કરાય ? શક્ય હિતના સ્વામીઓની કે અશક્યનેહિતના સ્વામીઓની ? એ તો ઉપેક્ષ્ય છે !

ટૂંકમાં, આપણે એટલી જ વાત કરવી છે કે મહર્ષિઓએ આ પ્રતિપાદન કરીને કશું જ ખોટું કર્યું નથી. જેમના અંતરમાં છતે પ્રકાશે ઘુવડોની અંધતા પ્રત્યે પણ ફિટકાર નથી, બલ્કે ભારોભાર કરૂણા છે; જેમના અંતરમાં ઘુવડોને વાસ્તવદર્શન કરાવી દેવા માટે પ્રકાશ પાથરી દેવાની એકમાત્ર ભાવના ઊભરાઈ છે અને જેઓની; મતિ સંપૂર્ણ રીતે શાસ્ત્રથી પરિકર્મિત છે; એથી જ જેઓએ ભાવી ભયોથી સુજ્ઞાત હોઈને માંગલ્યોની ખીચોખીચતાને જોઈને આનંદમાં આવી જઈને નિશ્ચયનયનું પ્રતિપાદન કરવા કલમ ઉપાડી છે....એમણે કશું જ ખોટું કર્યું નથી. તીર્થંકર ભગવંતોની વાણીને ગ્રન્થસ્થ કરવામાં કશું ખોટું થતું જ નથી. બેશક, અવળું પકડવા દ્વારા થનારા પેલા ભવાભિનન્દી આત્માઓના ભયાનક અહિતનો ભય તો એમની નજરમાં સદા તરવરતો જ હતો....એથી જ તો

એ મહર્ષિઓએ નિશ્ચયનયનાં શુદ્ધ પ્રતિપાદનો કરીને પણ છેવટે તો એ ભયને વ્યક્ત કરી જ દીધો છે.

આંતરડાની નબળાઈના કારણે જેનું શરીર કૃશ થઈ ગયું છે, તેની સામે સિદ્ધ-વૈદ્ય દૂધના અદ્ભુત ગુણોનું બધું જ વર્ણન કરી છૂટે અને છેવટ કહે પણ ખરો કે, ' આ દૂધ ઉપર ક્રમશઃ ચડ્યા વિના શરીરમાં લોહી ભરાય તે શક્ય જ નથી.' પરંતુ આ વાત કરતાં એના અંતરમાં એક ભય તો સતત ડોકિયાં કરી જ રહ્યો હોય, કે રખે, આટલું જ પકડી લઈને આ માણસ આજથી જ શેર-શેર દૂધની બાટલીઓ ઢીંચવા લાગી જાય; તે ય દિવસમાં ૩-૩ વાર તો ! ' એટલે ઉપસંહાર કરતાં તે વૈદ્ય 'પણ'....કરીને કહે કે આ દૂધ ગમે તેટલું સારું હોવા છતાં તું તારી જાતે એનો પ્રયોગ કરે તે નહિ ચાલે...એ માટે તો તારે મારી જાત-દેખરેખ નીચે રહેવું પડશે....અન્યથા એ દૂધ જ તારા પ્રાણ લેશે...બીજી એ વાત પણ સમજી રાખજે કે જ્યાં સુધી તારાં આતરડાં મજબૂત ન થાય ત્યાં સુધી તો દૂધની એ બધી વાતો નજરમાં રમતી રાખીને દૂધપાનને તારો આદર્શ જ બનાવજે, એને અમલમાં તો મૂકીશ જ નહિ. નબળા આંતરડામાં દૂધ પચતું તો નથી પણ આંતરડાંને વધુ નબળાં બનાવવાનું કામ કરે છે. માટે હાલ આ સ્થિતિમાં તો તારે મગના પાણીને જ તારું જીવન બનાવવું પડશે. મગના પાણીને જ દૂધ જેટલું સુંદર માનવું પડશે. ભલે મગના પાણીથી લોહી ભરાઈ ન જાય તો ય લોહી ભરનાર

દૂધના પાચન માટેની મજબૂત આંતરડાની ભૂમિકા તો મગનું પાણી જ તૈયાર કરે છે, માટે તારે હાલ તો મગના પાણીને જ તારું જીવન બનાવ્યે છૂટકો છે. બેશક સદા માટે તારે મગના પાણી ઉપર જ રહેવાનું નથી; છેવટે દૂધ વિના તારો નિસ્તાર નથી; એટલે આદર્શ તરીકે તો દૂધપાન જ રાખજે. પણ વ્યવહારમાં તો મગનું પાણી જ અમલી બનાવવું પડશે.

નિશ્ચયનય દૂધના સ્થાને છે.

વ્યવહારનય મગના પાણીના સ્થાને છે.

સ્યાદ્વાદી ગ્રન્થકારો વૈદ્યના સ્થાને છે.

અધ્યાત્મસારના આત્મનિશ્ચય અધિકારમાં નિશ્ચયનયનું જોરશોરથી પ્રતિપાદન કરી ચૂકેલા મહોપાધ્યાય ભગવાન યશોવિજયજી મહારાજા તો માત્ર વૈદ્ય ન હતા. રાગાદિ રોગીની પીડાથી કણસતા અનંત દર્દીઓના એ મહાવૈદ્ય હતા. ના, એ તો સાક્ષાત ધન્વંતરી જ હતા. એમનો ગ્રન્થ પણ નિશ્ચયનયના દૂધનું વર્ણન કરીને સમાપ્ત થાય તે સંભવિત જ ન હતું, એથી જ એમણે એ અધિકારના અંત ભાગમાં કહી દીધું છે કે નિશ્ચયનયનું આત્મ-તત્ત્વચિંતન તો ગુહ્યથી પણ ગુહ્ય ચિંતન છે. અલ્પ બુદ્ધિવાળા માણસોને આ તત્ત્વચિંતન કદી આપવું નહિ. તેઓ તો તત્વની વિડંબના જ કરશે.

(ક. શ્લો. નં. ૮૬૯)

એક માણસ ભૂખ્યો થયો હોય પણ જો સાથે સાથે એની હોજરી સાવ જ દૂબળી હોય તો તે ચક્રવર્તીનાં કઢાયાં દૂધ માંગે તો તેને પીવા ન આપી દેવાય; એની યાચના માત્રથી કઢાયાં દૂધ પાઈ દેનારો એનો હિતૈષી નથી પણ પાક્કો હિતશત્રુ છે. (૮૭૦)

થોડું અધકચરું જ્ઞાન પામીને છકી ગયેલા લોકોને નિશ્ચયનયનું તત્ત્વ આપવું એ તો ભારે અહિતકર પ્રદાન ગણાય.

રે ! ફણિધર સર્પના માથે રહેલા રત્નને લેવા જનારો જો અશુદ્ધ મંત્રોચ્ચાર કરે તો રત્ન પામવાની વાત તો દૂર રહી, પણ મોતના ભારે અનર્થને તે જ મંત્રોચ્ચાર તાણી લાવે. (૮૭૧)

એટલે જે માણસોએ જીવનમાં વ્યવહારનયની દૃષ્ટિને સારી રીતે–સક્રિય રીતે–પચાવી નથી એવો માણસ જ નિશ્ચયનયના તત્ત્વને જાણવાની ઇચ્છા કરે તો ખરેખરે તેનું દુઃસાહસ કહેવાય.

અરે ! હજી જેને નાનકડું તળાવ તરી જતાં આવડ્યું નથી અને સાગર પાર ઊતરી જવાની અનધિકૃત ઇચ્છા જાગી છે ! કેવી આત્મહત્યા !

પહેલાં વ્યવહારનય જીવનમાં પચાવો. એનું પાચન નિશ્ચયનયના તત્ત્વને પામવાની ભૂમિકા બને છે. (૮૭૨)

વ્યવહારનયને જીવનમાં સારી રીતે પચાવ્યા પછી જ જે આત્માઓ શુદ્ધ નિશ્ચયનયની ઉચ્ચ વિચારણાઓનો

આશ્રય લે છે તે જ આત્માઓ આત્મજ્ઞાનમાં ઓળઘોળ બનીને પરમશુદ્ધ સમત્વ (મોક્ષ) પામી શકે છે. (૮૭૩)

નિશ્ચયનયદૃષ્ટિથી આત્માના વાસ્તવસ્વરૂપનું નિરૂપણ કરવામાં રહેલાં જોખમોને પામી જઈને જ મહાપુરુષોએ અન્તમાં તો વ્યવહારનયની જોરદાર પુષ્ટિ કરી દીધી છે. વ્યવહારનયને સારી રીતે પચાવ્યા વિના શુદ્ધ નિશ્ચયનયના જીવનનો પડછાયો પણ ન લઈ શકાય એ વિધાન કેટલું બધું અસંદિગ્ધ છે ? 'શુદ્ધ નિશ્ચયનયની વાતો જેવા–તેવાને આપશો મા !' આ વાત આજે કેમ વિસરી જવામાં આવી છે ?

શું વર્તમાન જગત્ અત્યન્ત ભોગરસિક નથી ? શું શુદ્ધ નિશ્ચયનયની કોરી વાતો એ લોકોને તપ–ત્યાગાદિના પાયાના ધાર્મિક જીવથી વિમુખ બનાવી દે તે સુસંભવિત નથી ?

પણ શું થાય ? જેમણે ગુરુગમ જ પ્રાપ્ત કર્યો નથી : સ્વબુદ્ધિથી જ જેમણે શાસ્ત્રો વાંચ્યાં છે; જેમને જગતના ભોગાત્માઓના ભગવાન બનવાનાં માન–સન્માન પામવાની જ રઢણ લાગી છે એ આત્માઓ પોતે જ શાસ્ત્રોના અર્થોને પ્રજ્ઞાની ભઠ્ઠીમાં પકાવ્યા વિના કાચા ખાઈ જતાં હોય તો બીજાઓને પણ એવું જ કાચું ધરી દેવામાં તેમને આંચકો ય ક્યાંથી લાગે ?

કોણ પાત્ર છે અને કોણ અપાત્ર છે ? એ વિવેક કરવાની માન ભૂખ્યાઓને કદી પરવા હોય ખરી ?

શુદ્ધ નિશ્ચયનયનું એકાન્ત નિરૂપણ તો કાચો પારો છે. જો તપ–ત્યાગાદિના વ્યવહારનયના સંપૂર્ણ ખંડન સાથે શુદ્ધ નિશ્ચયનયની વાતો બહેકાવવામાં આવે તો ભોગી જગતમાં કારમો ભ્રષ્ટાચાર વ્યાપી જાય; ખાન-પાનના વિવેકો નાશ પામી જાય. માતા પત્નીના વ્યવહારો નેસ્તનાબૂદ થઈ જાય...જેને જેમ ફાવે તેમ વર્તી શકે અને છતાં સહુ પોતે ધર્મી કહેવડાવી શકે !!!

અમેરિકાની છલકાઈ ગયેલી સમૃદ્ધિના પરિણામે વ્યાપેલા અમેરિકાના ભ્રષ્ટાચારો તો ખુલ્લા પાપ તરીકે નવાજવામાં આવે છે, જ્યારે નિશ્ચયનયવાદીઓના અના-ચાર તો ઉઘાડેછોગે પાપ છતાં આત્માની ઓળખના ધર્મની વાતોના રંગબેરંગી પડદાથી ઢાંકી દેવાય છે. ઉઘાડો અગ્નિ હજી સારો...ભય પામીને પાણી વગેરેથી નાશ કરવાની તક ઊભી રાખે. આ તો રાખથી છાવરેલો અગ્નિ ! કોઈ એને અગ્નિ જાણે પણ નહિ અને અંદર ને અંદર વધુ ને વધુ વ્યાપતો જાય.

આવા ભયોને કારણે જ સમર્થ શાસ્ત્રચિંતકોએ નિશ્ચયનયથી આત્માના અદ્ભુત સ્વરૂપનાં વર્ણન કર્યા પછી વ્યવહારનું સમર્થન કર્યું જ છે. અને એ રીતે પોતે અસંદિગ્ધ રીતે જાહેર કર્યું છે કે અમારો નિશ્ચય-નય એ નય જ છે. એ કાંઈ વ્યવહારનયને સર્વથા ધિક્કારતો દુર્નય નથી.

એકાન્ત નિશ્ચયવાદીઓ કેટલી હદ સુધીની ધૃષ્ટતાઓ કરે છે કે તેઓ મહોપાધ્યાયના આત્મનિશ્ચય અધિકારમાંથી તારવેલાં ઉપરોક્ત સોળ વિધાનોમાંથી ગમે તે એકને ઉપાડીને જગતની સામે મૂકીને જાહેર કરે છે કે શ્વેતામ્બર મૂર્તિપૂજક ધર્મના મહોપાધ્યાય યશોવિજયજી પણ 'આત્માને ઓળખવામાં જ કલ્યાણ કહેતા હતા. આ બિરાદરોને જ્યાં ક્યાંકથી પણ એ મહાપુરુષનું નિશ્ચયનય દૃષ્ટિનું વિધાન મળે એટલે ઝટ એને પકડવાની કુટેવ પડી ગઈ હોય છે.

સવાસો ગાથાના સ્તવનમાં મહોપાધ્યાયજીએ કહ્યું છે,

'કષ્ટ કરો સંયમ ધરો, ગાળો નિજનો દેહ;
જ્ઞાનદશા વિણુ જીવને નહિ કર્મનો છેહ,'

બસ....એકાન્ત નિશ્ચયવાદીઓને તો જાણે આ વાત મળી એટલે ઘી-કેળાનું ભોજન મળી ગયું.

એ મહાપુરુષના નામે જ લલકારવાનું ચાલુ કરી દે કે, 'જુઓ એમણે કહ્યું છે ને કે જ્ઞાનદશાથી જ કર્મનાશ થાય છે: બાહ્ય વ્યવહાર બધા ય બોગસ છે?' કરીને વાત? સાવ અજ્ઞાન અને તદ્દન જડ લોકોને ક્યાંથી ખબર હોય કે એ વાક્ય તો નિશ્ચયનયની દૃષ્ટિનું છે. જે આત્માઓ માત્ર બાહ્ય વ્યવહારમાં રમમાણ હોય તેમને ચીમકી આપીને, તેમના જીવનમાં જ્ઞાનદશાનો નિશ્ચયનય ઉતારવો છે! એકલો નિશ્ચય ન ચાલે તેમ

એકલો વ્યવહાર પણ ન ચાલે જ્યાં વ્યવહાર જ 'એકલો' જોવા મળે ત્યાં આવું કહીને નિશ્ચય લાવવો જ રહ્યો. કેમકે વ્યવહારથી કલ્યાણ નથી.

આમ જે વાક્ય, વ્યવહારનયની દૃષ્ટિના જીવનમાં વધુ પડતા ઢળી પડતા જીવોની સમતુલા જાળવવાની અપેક્ષાએ જણાવવામાં આવ્યું છે તે વાક્યને–કશો ય શુભ વ્યવહાર ન પાળતા જીવોની સામે–રજૂ કરી દેવું એ તો કેટલું ભયંકર પાપ ગણાય ? આશ્રિતાએ પોતાની ઉપર મૂકેલા વિશ્વાસનો આ તે કેવો ખુલ્લો દ્રોહ !

જે જિનમત નિશ્ચય–વ્યવહારની સમતુલામાં જ માને છે તે જિનમતના એકાન્ત નિશ્ચયનયની વાતો કરવી અને વ્યવહારને એકદમ વખોડી નાંખવો એ શું જિનમતની સેવા કહેવાય ? વળી આ તો કેટલું વધુ ભયંકર પાપ ગણાય ? મુગ્ધ લોકો શાસ્ત્ર ભણ્યા નથી. તમારી પાસે એ લોકો ધર્મશાસ્ત્રને જાણવા–સમજવા આવતા હોય ત્યારે તો એ શાસ્ત્રની જે વાતો જે અપેક્ષાઓ સાથે જણાવી હોય તે વાતો તે જ રીતે જણાવવી જોઈએ. કોઈ પણ વાતને વચ્ચેથી ઉપાડી લઈને જણાવવી, આગળ-પાછળની બીજી વાતોને ગુપ્ત રાખવી એ તો ધર્મ સાંભળવા આવેલા મુગ્ધ જીવોને ઉન્માર્ગની જાળમાં ફસાવી દેવાનું આ ઘોર પાપકૃત્ય જ થયું ને ?

' એ જ મહોપાધ્યાયજીએ એક જગાએ સ્તવનમાં

એમ પણ કહ્યું છે, 'નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી પાળે જે વ્યવહાર, પુણ્યવંત તે પામશેજી ભવસમુદ્રનો પાર.'

નિશ્ચયનયની વાતોને લક્ષમાં રાખીને વ્યવહારનયના વિચારોને જીવનમાં ઉતારનારા પુણ્યવંત આત્માઓ જ ભવસમુદ્રનો પાર પામી શકશે.

અહીં તો મહોપાધ્યાયજી વ્યવહારનયનું સંપૂર્ણ સમર્થન કરે છે તો આ વાત તેઓ કેમ કોઈને કરતા નથી? શા માટે એમના નામે નિશ્ચયનયના પ્રતિપાદનને પકડી લઈને તેમાં એકાન્ત ઠોકી બેસાડવાનું પાપ આચરવામાં આવે છે?

કષ્ટ કરો, સંજમ ધરો, ગાળો નિજ દેહ....ની એક પંક્તિ ઉપર ધોધમાર ઉપદેશ દેનારા, વાતે વાતે વ્યવહારનયના સંયમધર્મની–એ જીવનના ઉગ્ર તપની–મશ્કરીઓ ઉડાડનારા એ વાત કેમ ભૂલી જાય છે કે એવું કથન કરનારા મહોપાધ્યાયજીએ જ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકામાં ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જેમ જેમ આત્મા અંતરંગ રીતે સંયમી બનતો જાય તેમ તેમ બહિરંગ રીતે તે પોતાના શરીર સાથે જ વધુ ને વધુ જંગ ખેલતો જાય.'

આ વિધાન તો ઘોર તપ–ત્યાગનું સચોટ સમર્થન કરે છે ને? માટે જ એકાન્ત નિશ્ચયવાદીઓને આ વિધાન લાખ કીડીઓના એકી સાથે ચટકા જેટલું ત્રાસજનક લાગે છે!

વળી એકાંત નિશ્ચયવાદીઓ આનંદઘનજી મહારાજનાં પદો રજૂ કરીને નિશ્ચયનયનું એકાન્તે પોષણ કરે છે. એની ઉપર 'એકાન્ત'ના કાદવનો થપ્પો મારે છે. પણ એ જ આનંદઘનજીએ વ્યવહારનયનું સજ્જડ સમર્થન કરતાં શું નથી કહ્યું કે,

'વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો,

વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાંઈ રાચો........

ચૌદમાં જિનેશ્વરના સ્તવનમાં આ વાત મૂકીને તેમણે શાસ્ત્રવચનસાપેક્ષ તમામ શુભ વ્યવહારને–તપ–ત્યાગ ક્રિયા-કાંડને–' સાચા ' કહ્યા છે.

એકાન્ત નિશ્ચયવાદી તો વ્યવહાર માત્ર–વચન સાપેક્ષ કે નિરપેક્ષ–અધાય–ઉપચાર સ્વરૂપ કહીને ' જૂઠા ' જ કહે છે: એને ધિક્કારે છે. એવા વ્યવહારોનું સેવન કરનારાઓની ભરસભામાં ઠેકડીઓ ઉડાડે છે. જેને સાંભળતાં ખ્યાલ આવી જાય કે એમના અંતરમાં વ્યવહારધર્મો પ્રત્યે કેવી બેહદ ' સૂગ ' ભરી હશે ! રે ! જે ' સમયસાર ' ગ્રંથને આગળ કરીને તેઓ એકાન્ત નિશ્ચયનયની વાતો કરે છે તે જ સમયસારમાં ઠેર ઠેર વ્યવહારનયનાં મંતવ્યો ભારે સૌજન્ય સાથે રજૂ કરવામાં આવ્યાં છે; પણ અજ્ઞાન શ્રોતાઓને એ ગ્રંથ જોવો જ નથી અને એ વક્તાઓને વ્યવહારનયની પોષક વાતો કરવી જ નથી એટલે થાય શું ?

બાકી એ જ ગ્રન્થમાં આચાર્ય કુન્દકુન્દે વ્યવહારનયનાં જે મંતવ્યો મૂકયા છે તે પણ એમ કહી જાય છે કે જિનમતને એકાન્ત નિશ્ચય માન્ય જ નથી. વ્યવહાર-નયનો ધિક્કાર એને મંજૂર જ નથી. સ્યાદ્વાદના સિદ્ધાન્ત ઉપર આધારિત જિનમતની હવેલીમાં વ્યવહારનયનો એક અદ્ભુત ઓરડો કાયમ માટે રાખવામાં આવ્યો છે. એ ઓરડાનું ત્યાં ભારે મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે, પણ કોણ સમજાવે આ બધી વાતો !

આ નિશ્ચયવાદીઓ જેના નામે મોક્ષમાર્ગની વાતોનાં અવતરણો ટાંકે છે અને લોકોને એ નામે ભુલાવામાં નાંખવા યત્ન કરે છે તેમણે પણ વ્યવહારનયનાં સમર્થક પદો કયાં નથી ગાયાં ? શું એ વાત તેમની જાણ બહાર તો નથી ને ? એમણે એ પદમાં સંસારનો પરિત્યાગ કરીને સંયમ લેવાનો વ્યવહારધર્મ પ્રાપ્ત કરવા માટે કેટલાં ભવ્ય સંવેદનો રજૂ કર્યાં છે ? જેને વાંચતાં કોઈ પણ આત્માને એ વાત સુપેરે સમજાઈ જાય કે "વ્યવહાર-ધર્મની સાધના વિના નિશ્ચયધર્મ સિદ્ધ થઈ શકતો જ નથી."

ખૂબ જ અફસોસની વાત છે કે એકાન્ત નિશ્ચય–વાદીઓએ જ્યાં ત્યાંથી માત્ર મન ફાવતું ઊંચકયું છે, લોકોની સામે રજૂ કર્યું છે...જિનમતના નિશ્ચયનયને 'એકાન્ત'થી દૂષિત કરી નાંખ્યો છે. જિનમત તો નિશ્ચય-વ્યવહાર ઉભય સંમિલિત મત છે. જિનમતના સત્યના સિક્કાની એ બે બાજુઓ છે. નિશ્ચયનયની દૃષ્ટિએ નિશ્ચય-

નય જેટલો સાચો છે એટલો જ વ્યવહારનયની દૃષ્ટિએ વ્યવહારનય સાચો જણાવ્યો છે. નિશ્ચયનયની દૃષ્ટિએ વ્યવહારનય મિથ્યા છે એ વાત પકડી લઈને વ્યવહાર-નયને સર્વથા મિથ્યા–ઉપચરિત વગેરે કેમ કહી શકાય? એમ તો વ્યવહારનયની દૃષ્ટિએ નિશ્ચયનય પણ ક્યાં જૂઠો નથી? વ્યવહારનય તો કહે છે કે "કાનજીભાઈ તરીકે વ્યવહારમાં પંકાયેલા આત્માને શુદ્ધ–બુદ્ધ–મુક્ત કહી શકાય નહિ, એ વાત મને તો માન્ય નથી જ. બીજા નયને ભલે તે વાત માન્ય હોય."

કોરા નિશ્ચયવાદીને તો તપત્યાગ, ક્રિયાકાંડ જ ઊખેડવા છે, એટલે તેમણે નિશ્ચયનયની દૃષ્ટિએ વ્યવહારને જૂઠો કહેવાની વાત પકડી રાખી છે; પણ વ્યવહારનયની દૃષ્ટિએ નિશ્ચયનય જૂઠો છે એ વાત તો એ સાંભળવા પણ માંગતા નથી. આવું તો કેમ ચાલે? એક જ જિનમતની બે વાતો–સત્યના સિક્કાની બે બાજુઓમાંથી એક જ માન્ય કરવી અને બીજીને સાવ વખોડી નાંખવી, ઘસી–ભૂંસીને સાફ કરી નાંખવી તે જરા ય ઉચિત ન ગણાય, કોઈ સિક્કાની એક બાજુને ઘસીને સાફ કરી દેવામાં આવે તો તે સિક્કો સમજદાર માણસોમાં કદી ચાલતો નથી એ વાત કાનજીભાઈએ સારી રીતે સમજી રાખવી જોઈશે. આવી રીતે વાતનું અડધિયું પકડી લેવું એ તો પેલા મુસલમાનના જેવી તરકીબ કહેવાય. એ ઉસ્તાદ બધા પાપે પૂરો અને શૂરો હતો, કોઈ ફકીરે એને ઘણું સમજાવ્યો કે તેણે

પાપો નહિ કરવાં જોઈએ, પણ પેલા મુસલમાને તો ઝટ કહ્યું કે કુરાનમાં જ તમે જેને પાપો ગણો છો તે કરવાની છૂટ આપી છે! આ ધડાકો સાંભળીને ફકીર તો સજ્જડ થઈ ગયો. એણે પૂછ્યું. 'મને કહો તો ખરા કે કુરાનમાં એવી છૂટ ક્યાં આપવામાં આવી છે? મુસલમાને તરત કહ્યું કે "કુરાનમાં એક ઠેકાણે કહ્યું છે, 'અસત્ય વદો, મદ્યપાન કરો, વ્યભિચાર સેવો' 'બોલો હવે તમારે કાંઈ કહેવું છે?"

ફકીરને તો કુરાન આત્મસાત્ થઈ ગયું હતું. મુસલમાનની વાત સાંભળીને એના અંતરમાં એવા ભોગ-રસિક લોકોની દુનિયા તરફ ધિક્કાર વછૂટ્યો! એનું અંતર રડી ઊઠતું બોલ્યું, 'અરરર! પાપ તો કરવું પણ તેની ઉપર ધર્મગ્રન્થની મહોર—છાપ મારવા માટે નિષ્ફળ યત્નો કરવા?'

ફકીરે કહ્યું, "ઓ બિરાદર! ધર્મના નામે આવી વાતો કરીને તમે દુનિયાને પાપના પંથે જ ધકેલી રહ્યા છો ને? કુરાનનું આ અધૂરું વાક્ય તમે પકડી લીધું છે એ વાત હું બરોબર જાણું છે. એ વાક્ય તો આ પ્રમાણે છે. 'અસત્ય વદો! મદ્યપાન કરો, વ્યભિચાર સેવો........ એટલે તમે પોતે જ તમારો વિનાશ કરી રહ્યા છો.' બિરાદર! તમે પાછલી વાત કેમ ઉડાડી દીધી છે?"

એકાન્ત નિશ્ચયવાદીઓ પણ આવું જ કરી રહ્યા છે ને? જીવનના છેડે તેમને શાસનદેવો પણ સહુને સદ્બુદ્ધિ આપે.

## સાધકની સામે મોં ફાડીને ઊભેલી બે ભયાનક ખીણો

મોક્ષમાર્ગ કેટલો કપરો છે? કહ્યું છે કે :

"સાધુ જીવન કઠિન હૈ, ચડના પૈડ ખજૂર,
ચડે તો ચાખે પ્રેમરસ, પડે તો ચકનાચૂર"

મોક્ષનો માર્ગ એક નથી. માત્ર ક્રિયામાર્ગ પણ ન ચાલે; માત્ર જ્ઞાનમાર્ગ પણ ન ચાલે.

જ્ઞાન–ક્રિયાના સમન્વયમાં જ મોક્ષમાર્ગ રહેલો છે.

અફસોસની વાત એ છે કે કેટલાક મોક્ષમાર્ગના પથિકો માત્ર ક્રિયાને વળગ્યા છે. રાગ–દ્વેષને મારવાનું, મોળા પાડવાનું કે છેવટે એવી તીવ્ર ભાવના રાખવાનું પણ એમને જરૂરી લાગ્યું જ નથી. ક્રિયા માત્રથી મોક્ષ થવાની એમની બુદ્ધિએ જ એમને ધોકો પહોંચાડયો છે. આવા લોકો સાધના–પર્વતની સાંકડી ધારે ચડતાં મોક્ષના શિખરે તો પહોંચી શકતા જ નથી, પરંતુ એ પર્વત-ધારની એક બાજુની ભયાનક ખીણમાં ગબડી પડે છે. વિરાટ સંસારનું પરિભ્રમણ પામે છે.

બીજા કેટલાકો પણ પોતાની વિચિત્ર બુદ્ધિનો ભોગ બન્યા છે. એમણે આત્માને ઓળખવાની વાતથી જ મોક્ષ-સિદ્ધિની વાતો કરી છે. ક્રિયામાર્ગ આખો ય તિરસ્કારી નાંખ્યો છે. ખાવત, પીવત મોક્ષ જે માનત..........જેવી મનોદશા એમણે પકડી છે. આવા લોકો રાગ—દ્વેષના પર્યાયોની વાતો ખૂબ કરે છે, પણ શુભ ક્રિયાત્મક જીવન

ન હોવાથી એમના જીવનમાંથી તે રાગદ્વેષ કદી ટળતા જ નથી.

પર્વતની ધારની બીજી બાજુએ મોં ફાડીને ઊભી રહેલી ખીણુ આવા લોકોનો ભોગ લે છે.

મોક્ષના ટોચ શિખરે જેને જવું હોય તેણે આ બે ય વાતનો સમન્વય કરવો પડશે. રાગદ્વેષોને માંદા પાડીને મારવા સુધીની તીવ્ર ભાવનાને જ્ઞાનયોગ જાગ્રત રાખો અને તે માટે જ શુભ ક્રિયાત્મક જીવનના શરણે જાઓ.

મોક્ષનો આ એક જ માર્ગ છે. જ્ઞાન–ક્રિયાના શાસ્ત્રીય સમન્વયનો.

કોણ કહે છે કે આ આત્મા
ઉપર જડની કોઈ અસર નથી !

જ્યાં સુધી આત્મા શરીરના પુદ્ગલમાં સર્વત્ર ઓતપ્રોત થઈને રહેલો છે ત્યાં સુધી જડની અસર આત્મા ઉપર છે, છે ને છે જ.

દૂધમાં પડીને એકરસ થઈ ગયેલું પાણી પણ, દૂધ ગરમ થાય એટલે ગરમ થવાનું જ છે.

દલીલોની વાત જવા દો. હાથ–કંકણને અરીસાની શી જરૂર છે ? જડની અસરને જે બિરાદર અવગણુતા હોય એમને જડ એવી સોયની ટાંચણી જ અડાડો એટલે ખબર પડી જશે.

શબ્દ પુદ્ગલ પણ જડ છે ને ? એમને જો કોઈ 'બધેડો' એવું કહે તો જુઓ મજા....પછી શું થાય છે તે....

ચશ્માય જડ જ છે ને? છતાં વાંચવાના નંબરવાળા સચેત માણસને વાંચતી વખતે એના વિના ક્યાં ચાલે છે?

શાસ્ત્ર પણ જડ છે ને? મૂર્તિ પણ જડ છે ને? ભોજન પણ જડ છે ને? દવાની ગોળી પણ જડ છે ને? આ બધા ય શું આત્મા ઉપર કોઈ અસર જ કરતા નથી? જડ શાસ્ત્ર કે જડ મૂર્તિ આત્માને જ્ઞાન આપતાં નથી કે? ચશ્મા આત્માને દર્શન દેતા નથી કે? દવાની ગોળી આત્માને સુખ દેતી નથી કે?

ક્રમબદ્ધ પર્યાયની એકાન્તિક લૂલી વાતોથી બચાવ થઈ શકે તેમ નથી.

વળી 'જડની અસર નથી' એવું માત્ર બોલવા પૂરતું રાખ્યું છે ને? વ્યવહારમાં તો શાસ્ત્ર, મૂર્તિ, ચશ્મા, દવા વગેરે અનેક જડ પદાર્થોનું શરણું લેવાય છે. વાણી અને વર્તનનો આ વિસંવાદ કેટલો કાળ નભી શકશે?

### અપેક્ષાએ, પુણ્યકર્મ અત્યન્ત ઉપાદેય જ છે

કેટલાક લોકોએ પુણ્યકર્મની હેયતાની વાત શાસ્ત્રમાંથી કાઢી બતાડીને બુમરાણ મચાવ્યું છે.

પુણ્યકર્મ નકામું છે...એ જોઈએ જ નહિ....આવો કદાગ્રહી વિચાર બાળજીવોને માટે અત્યન્ત અહિત કરે છે.

શાસ્ત્રની જે જે વાતો ઘણી ઊંચી વિકાસકક્ષાને નજરમાં રાખીને જણાવાઈ હોય તેને નીચલી કક્ષામાં પણ

લગાવી દેવી એ તો કેટલું ભયંકર જૂઠાણું જ કહેવાય?

ત્રણ વર્ષના બાળક માટે માતાનું સ્તનપાન હેય ખરું કે નહિ? જો હા. તો શું હવે એમ કહી શકાય ખરું કે ત્રણ મહિનાના બાળક માટે પણ સ્તનપાન હેય છે! અરે? બે કક્ષાઓ જ સાવ જુદી છે ત્યાં સમાનતા શી રીતે રહી શકે?

વેલામાંથી વૃક્ષ બન્યા પછી વાડ અવશ્ય હેય છે, પણ તેથી શું વેલાની બાળ અવસ્થામાં જ એ વાડને ઊંચકીને ફેંકી દેવાય?

બાળકક્ષાના જીવો માટે તો પુણ્ય ઉપાદેય જ છે. સહુ કોઈ ધર્મ કરવા માટે ધર્મ કરતા નથી. કેટલાક એવા પણ હોય છે, જેઓ પુણ્યના પ્રલોભનથી ધર્મ કરવાની બાળકક્ષામાં હોય છે. આવા જીવોને પુણ્યની હેયતા જણાવીને શું કમાવાનું છે?

જરૂર પાપકર્મ હેય છે, પણ પાપકર્મનો મળ કાઢવા માટે માનવજીવન, જૈનકુળ, સદ્‌ગુરુયોગ, પંચેન્દ્રિય પટુતા, વગેરે શું જરૂરી નથી? એ બધાં ય શું પુણ્યકર્મના ઉદય વિના મળી જવાનાં છે? મળ કાઢવા માટે દિવેલ તો વાપરવું જ પડે છે. ભલે બીજું કાંઈ જ ન વપરાય.

અને પેટમાં ગયેલું દિવેલ, મળ કાઢીને આપોઆપ નીકળી પણ જાય છે. દિવેલને કાઢવા માટે બીજા કોઈની જરૂર નથી. પુણ્યકર્મ દિવેલ જેવું છે.

★

આત્માની, આત્માના જ્ઞાનાદિ ગુણોની-નિશ્ચયનયની વાતો કરનારા કેટલાક જ્ઞાનવાદી લોકો ક્રિયાકાંડ, તપ, ત્યાગ કરનારાઓ તરફ તિરસ્કારની નજરથી જુએ છે એ ભારે કમનસીબ બાબત છે.

સાવ જડ, એકાંગી, કોરી ક્રિયાઓ કરનારાઓ એ તરત મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી તો એ વાત પણ નક્કી સમજી રાખવી કે કોરી જ્ઞાનની વાતો જ કરનારાઓ ક્રિયાકાંડના જીવનથી સંપૂર્ણ રીતે અલિપ્ત રહેનારા, રાત્રિભોજનાદિ દોષોને પણ જ્ઞાનની વાતો નીચે ઉપેક્ષિત કરનારા પણ મોક્ષ પામવા માટે એટલા જ નાલાયક છે.

દેહાત્માના ભેદજ્ઞાન વિના મોક્ષ થાય જ નહિ એવું કહેનારા જ્ઞાનવાદીઓ જાણે એમ જ સમજતા હોય છે કે ઘોર તપ કરનારાઓ, મહાવ્રતોના પાલકો, તીર્થની યાત્રાઓ કરનારા ક્રિયાકાંડીઓને દેહાત્માનું ભેદજ્ઞાન થયું જ નથી!

કોઈને ઉલ્લુ બનાવવા માટે આ બધી સારી વાતો લાગશે પરંતુ દેહનો કારમો અધ્યાસ તોડયા વિના કદી તપ થઈ શકે ખરો? કદી મહાવ્રતોના કઠોર જીવને પગ મૂકી શકાય ખરો? માથાના વાળ ખેંચી નાંખવાની કે ધગધગતી રેત ઉપર હાથીની જેમ ગંભીરતાથી ચાલી નાખવાની ક્રિયાઓ શું ભેદજ્ઞાન વિના જ આવી જતી હશે?

પરમાત્મા મહાવીરે જ ભેદજ્ઞાનની વાતો કરી છે ને? અને એ જ ભગવંતે ઘોર તપ ત્યાગાદિની વાતો કરી છે ને? તો આદર્શો સાચા છે ને? જો આદર્શો સાચા છે,

તો એ આદર્શોને વ્યવહારુ બનાવનારી તપ ત્યાગની ક્રિયાઓ પણ એટલી જ સારી અને સાચી છે.

**હથોડા ઘણા માર્યા ! નિષ્ફળ ગયા !**
**તો ય સફળતા તો હથોડા મારવાથી**
**જ મળશે !**

'અનંતીવાર ધર્મક્રિયા કરી છતાં મોક્ષ ન થયો.' આ શાસ્ત્રવચન છે. કબૂલ છે. પણ એની સાથે એવું પણ શાસ્ત્રવચન છે કે જ્યારે પણ મોક્ષ થશે ત્યારે સામાન્ય રીતે તો એ ધર્મક્રિયાથી જ થશે.

આ વાતને કેમ ઉડાડી દેવામાં આવી છે ? પહેલી અડધી જ વાત પકડી લઈને મુગ્ધ લોકોને ધર્મવિમુખ બનાવી દેવાનો પ્રયત્ન કેટલો બધો હલકો ગણાય ?

પેલા ગામડીઆ ઇજનેરની વાતને આવા લોકોએ બરોબર યાદ રાખવી જોઈએ. એકાએક મિલના સંચા સાવ બંધ પડી ગયા ! ભણેલા ઇજનેરોએ જ્યાં ને ત્યાં હથોડીઓ માર માર કરી; પણ બધું ય નિષ્ફળ !

પછી પેલા ગામડીઆ ઇજનેર (!) પધાર્યા. મેને-જરની રજા લઈને એણે એક જ ઠેકાણે હથોડી મારી કે તરત જ બધા સંચા ચાલુ થઈ ગયા !

નાનકડી આ સચોટ વાતમાં શાસ્ત્રનો પૂર્ણ સિદ્ધાંત ગૂંથાયેલો છે. અડધિયા પ્રેમીઓએ આ વાત સારી રીતે ધ્યાનમાં લેવી જોઈએ. જો તે લોકો તેમ નહિ કરે તો અનેક ભોળા ભાવુકોના આત્માઓનું પારાવાર અહિત થઈ જશે.

જો ક્રિયામાત્રથી મોક્ષ નથી, તો જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી. અપવાદમાં જ્ઞાનમાર્ગી તો કોક જ મોક્ષ પામ્યા છે, જ્યારે રાજમાર્ગમાં અનંતાનંત આત્માઓ ક્રિયા-માર્ગની મુખ્યતાએ મોક્ષપદ પામ્યા છે.

**સ્વ માટે વ્યવહાર**
**પર માટે નિશ્ચય**

આ જગતને જૈન શાસનનાં ઘણાં ઘણાં મોટાં પ્રદાનો છે. તેમાંનું એક પ્રદાન છે, નિશ્ચય–વ્યવહારનયના અજોડ તત્ત્વજ્ઞાનનું.

ક્યાં નથી આ ચિંતન !

અનેક રીતે આ ચિંતનને વિચારી શકાય. અહીં આપણે એના કાર્યક્ષેત્રનું આપેક્ષિક ચિંતન કરીએ.

વ્યવહારનયનું પ્રાધાન્ય 'સ્વ' માટે બની રહેવું જોઈએ, નિશ્ચયનયનું પ્રાધાન્ય 'પર' માટે બની રહેવું જોઈએ.

દા. ત., આપણે પોતે આંતરિક રીતે ગમે તેટલા સારા હોઈએ પણ તેથી સંતોષ માણવો નહિ. આપણે બહારથી પણ એટલા જ સારા વ્યવહારની કટ્ટરતા રાખવી જોઈએ.

આપણો બાહ્ય વ્યવહાર ખૂબ ઊંચી કક્ષાનો–શાસ્ત્રીય–બની રહે તેવી અપેક્ષા સદા જીવતી રાખશું તો આપણા એ સુંદર બાહ્યાચારથી અનેક આત્માઓ ધર્મસન્મુખ બની જશે.

પણ બીજાઓ માટે તો આપણે નિશ્ચયનય જ લગાડવો. કોઈ શિષ્ય; ભક્ત કે ધર્મીજન ગમે તેટલો શિથિલ હોય

તો ય આપણે તે શૈથિલ્યદર્શ નથી સમાધિ ન ખોઈ બેસીએ તો માટે આ જ વાત વિચારવી કે, 'બહારથી ભલે તે પર્વતિથિએ પણ તપ વગેરે નહિ કરતો દેખાય પરંતુ આંતરિક રીતે તે ખૂબ જ અનાસક્ત અને દુઃખિત કેમ ન હોય? માટે મારે કોઈ પણ ઉતાવળો નિર્ણય બાંધવો નથી.'

કેવું સુંદર વિભાગીકરણ...સબૂર આ બે ય નયનાં સ્થાન ઉલટાવશો મા ! નહિ તો હાથમાં સદ્ગતિને બદલે દુર્ગતિ આવીને પડશે.

**ઓ સોનગઢી સ્વામીજી !**
**જડની તો તમે પ્રચંડ અસર**
**માનો જ છો !**

સોનગઢના આશ્રમવાળાઓ રાડો પાડી પાડીને લોકોને કહે છે "આત્મા ત્રણે ય કાળમાં સત્, ચિત્ અને આનંદસ્વરૂપ જ છે, જેવો આત્મા સિદ્ધ ભગવાનનો છે તેવો જ અત્યારે આપણો છે. એમની ઉપર જેમ જડની અસર થતી નથી તેમ આપણા આત્મા ઉપર પણ જડની લેશ પણ અસર થઈ શકતી નથી. કર્મ વગેરે બધાં જ જડ છે, એ આત્માને કદી બાંધી શકે જ નહિ."

આવી ઘણી વાતો તે લોકો કરે છે. મારે તો તેમને ત્રણ જ વાત પૂછવી છે.

[૧] શરીર ઉપર વસ્ત્ર કે એક નાનકડી ચીંદરડી પડી હોય તો તમારા મતે તે આત્માને સ્વરૂપનું પ્રગટીકરણ થાય ખરું ?

[૨] દેહમાં સ્ત્રીની આકૃતિ હોય તો તે દેહમાં રહેલા આત્માને સ્વરૂપનું પ્રગટીકરણ થાય ખરું ?

આ બે ય પ્રશ્નનો જવાબ નકારમાં આપતાં તેઓ બેધડક કહે છે કે, 'ના...ત્રિકાળમાં નહિ.' શાબાશ. વસ્ત્ર અને સ્ત્રીદેહ જડ હોવા છતાં આત્માના સ્વરૂપને પ્રગટ થતું અટકાવી રહ્યાં છે એ વાત હવે નક્કી થઈ ગઈ ને ? આના કરતાં તો શ્વેતાંબરો સારા ને ? તેઓ કહે છે કે, 'અંગ ઉપર વસ્ત્ર ભલેને હોય, દેહ ભલે સ્ત્રીનો હોય, તો ય મમત્વનો પૂર્ણ ત્યાગ કરીને સ્વરૂપ પ્રગટ કરી શકાય છે; બાધક છે, મમતાદિ ભાંવો, નહિ કે જડ વસ્ત્ર વગેરે.

[૩] જે આત્મા મોક્ષ પામે છે તે શા માટે ચૌદ રાજ લોકના છેડે અટકી જ જાય છે ? શા માટે તે આત્મા ઊર્ધ્વગતિ સદૈવ ચાલુ રહેતી નથી ? કોણે તે આત્માને ત્યાં અટકાવ્યો ? કોણે આત્માના ઊર્ધ્વગતિક સ્વભાવમાં સાથ ન આપ્યો

એક જ જવાબ છે; ધર્માસ્તિકાય નામના જડ તત્ત્વે ! એ જ્યાં સુધી હતું ત્યાં સુધી જ શુદ્ધાત્મા ગતિ કરી શક્યા. પછી જ્યાં એ ન હતું માટે આગળ વધી ન શક્યા.

### પહેલાં સ્વરૂપનું જ ભાન કરો

આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે; જ્ઞાતા, દ્રષ્ટા સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે...વગેરે વગેરે સ્વરૂપના ભાનની વાતો સાચી છે, છતાં અસ્થાને છે. એમ કાંઈ કૂદકો માર-વાથી કામ ન થઈ જાય.

આ તો આત્માનું કર્મુક્ત સ્વરૂપ છે. હકીકતમાં તો આત્માનું કર્મજનિત સ્વરૂપ વિચારવાની ખૂબ જરૂર છે. આ સ્વરૂપ અત્યંત પ્રત્યક્ષ છે, છતાં તેનું ધ્યાન નહિ

ધરવાથી આત્મા શુદ્ધ–સ્વરૂપના ભાનની વાતો કરી શકશે; પરંતુ એ ભાન પામી તો નહિ જ શકે. વળી જે આત્માનું સ્વરૂપ જ નથી, શુદ્ધ પણ નહિ અને અશુદ્ધ [કર્મજનિત] પણ નહિ; તેવા કુરુપને જીવાત્માએ પોતાનું સ્વરૂપ માની લીધું છે. આ ભ્રાન્ત ભાન છોડાવો; પછી કર્મજનિત સ્વરૂપનું ભાન કરાવો...ત્યાર બાદ શુદ્ધ સ્વરૂપભાન તો આપમેળે થઈ જશે.

ભ્રાન્ત ભાન છે, માલિકીના સ્વરૂપનું; અશુદ્ધ ભાન છે, મહેમાનગીરીના સ્વરૂપનું; અને શુદ્ધ ભાન છે સચ્ચિદાનંદ સ્વરૂપનું. 'હું માલિક છું', મારી સંપત્તિના; પત્નીના, મકાનના... ભ્રાન્ત ભાને તો જીવાત્માના શુદ્ધ પર્યાયનો કચ્ચરઘાણ વાળી નાંખ્યો. આ ભાન છોડાવવા એને સમજાવો કે, 'હું મહેમાન છું', આ જગતનો....મારે આ દ્રવ્યો અને આ લોકો સાથે કશું ય લાગેવળગે નહિ.'

વિરાગના આવા ભાવો જાગશે ત્યારે જ પેલું શુદ્ધ સ્વરૂપભાન પ્રગટશે, આપમેળે પ્રગટશે. પછી એની ઝાઝી ચિંતા નહિ કરવી પડે.

માત્ર ઠેકડા મારશો મા ! ક્યાંક હાડકાં ભાંગી જશે.

### દારૂ : છાશ : દૂધ

દારૂ તો અતિશય ખરાબ... એ તો છોડવો જ જોઈએ. વૈદ્યો કહે છે કે, 'દૂધ આ જગતનું અમૃત છે. એના જેવું પૌષ્ટિ તત્ત્વ એકેય નહિ, માટે દારૂ છોડો અને દૂધ પીઓ.

'દારૂ છોડી જ દો, દૂધ પીવાનું શરૂ કરી જ દો.'

'પણ ભલા ! એ દારૂ પીનાર માણસનાં આંતરડાં ખૂબ જ ખરાબ થયેલાં છે. દૂધને તો એ પચાવી શકે જ નહિ. આવી કોઈ રજૂઆત કરે તો ? વચગાળાની કોઈ "સ્કીમ" હશે ખરી કે જે દારૂને છોડાવે અને દૂર તરફ લઈ જવાની ભૂમિકા તૈયાર કરે ?

હા....તે છે; છાશ.

એ દારૂ છોડાવશે; નબળા આંતરડાને ય છાશ પચશે અને આંતરડાને મજબૂત બનાવીને દૂધ પીતા કરી દેશે.

એમાં કાંઈ સમજાણું ? ઝીણવટ નથી હોં ! 'ન સમજાય તેવું છે' એમ મારે કહેવું ય નથી. જો મને સમજાય તો બધાને સમજાવી શકાય. મને ગોટંગોટા સમજાયું હોય તો 'ઝીણવટ' કહીને કે 'નહિ સમજાય' કહીને મારું અજ્ઞાન આબાદ છાવરી શકાય.

વાત એમ છે કે ભોગસુખો દારૂ જેવાં છે; એનો નશો ભલભલાને માણસ મટાડી દે છે. મોક્ષસુખ દૂધ જેવું છે, એને પામ્યા વિના કોઈનો ઉદ્ધાર નથી, પણ પરલોકના સુખની વાતો સુધી જેનાં મન પહોંચી શકતાં જ ન હોય તેવાને આ લોકના ભોગરસ મુકાવવા માટે પરલોક માટેના પુણ્યના પ્રેમી [છાશપ્રેમી] બનાવવા રહ્યા. આમ કરતાં ય તે આત્મા; આત્મતત્ત્વનો, પરલોકનો અને પુણ્ય-પાપનો સ્વીકાર તો કરશે. હવે સાવ ઉઘાડો ભોગરસી તો નહિ રહે? પુણ્ય કમાવા માટે ય એ દાનાદિ તો કરશે ને?

બસ...પછી ધીમે રહીને તક મળતાં જ એને મોક્ષરસી બનાવી દેવાય.

# મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીનાં પ્રાપ્ય પ્રકાશનો

**પ્રાપ્તિસ્થાન : કમલ પ્રકાશન ટ્રસ્ટ**, ૫૦૮૨/૩, બીજે માળે, રતનપોળના નાકે, ગાંધીરોડ, **અમદાવાદ–૩૮૦૦૦૧.**

| | | |
|---|---|---|
| ૧. | શરણાગતિ | ૨–૦૦ |
| ૨. | ઊંડા અંધારેથી | ૨–૦૦ |
| ૩. | અધ્યાત્મસાર | ૧૨–૦૦ |
| ૪. | ગુરૂમાતા | ૨–૦૦ |
| ૫. | કાનજીભાઇ મત પ્રતિકાર | ૩–૦૦ |
| ૬. | ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ (અનન્તનાં પત્રો) | ૪–૦૦ |
| ૭. | વિજ્ઞાન અને ધર્મ | ૧૦–૦૦ |
| ૮. | જાગતા રે'જો | ૬–૦૦ |
| ૯. | જાંબૂવાલા ગ્રંથમાળા(વીસ પુસ્તિકાનો) સેટનું મૂલ્ય | ૨૦–૦૦ |
| ૧૦. | જાંબૂવાલા ગ્રંથમાળા સેટ ૧૯૭૧ (હિન્દીમાં) | ૨–૫૦ |
| ૧૧ | જીવનઘડતર વાંચનમાળા (વીસ પુસ્તિકાનો) સેટના | ૧૫–૦૦ |
| ૧૨. | આંધી આવી રહી છે | ૧૦–૦૦ |
| ૧૩ | બ્રહ્મચર્ય | ૩–૦૦ |
| ૧૪. | રામાયણના પ્રેરક પ્રસંગો | ૫–૦૦ |
| ૧૫ | ચાર પુરુષાર્થ | ૩–૦૦ |
| ૧૬. | ત્રિલોકગુરુ મહાવીરદેવ (હિન્દી) | ૧–૦૦ |
| ૧૭. | ત્રિલોકગુરુ મહાવીરદેવ (અંગ્રેજી) | ૧–૦૦ |
| ૧૮. | આપણે ફેર વિચારીએ | ૫–૦૦ |
| ૧૯. | વીરસૈનિક (હિન્દી) | ૧–૫૦ |
| ૨૦. | અપૂર્વ સ્વાધ્યાય | ૧૦–૦૦ |
| ૨૧. | વિરાગ વેલડી | ૬–૦૦ |
| ૨૨. | મુક્તિદૂત માસિક ફાઇલ વર્ષ ૩,૪,૫,૬,૭ દરેકનું મૂલ્ય | ૫–૦૦ |
| ૨૩. | મહામારિ | ૨–૦૦ |

---

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીની કોમળ અને કઠોર કલમે કંડારાતું માસિક

**"મુક્તિદૂત"** સંપાદક ; **હસમુખ સી. શાહ**

**લવાજમ : વાર્ષિક રૂા. ૫–૦૦ ત્રિવાર્ષિક રૂા. ૧૫–૦૦**

**આજીવન સભ્ય રૂા. ૧૦૦–૦૦**

# ચાલો; સંકલ્પ કરીએ

એક વાત નિશ્ચિતરૂપે સમજી રાખવી જોઈએ કે જે જમાનાવાદી, તકવાદી, ભોગ-રસિક લોકોના ટોળાં આપણી સામે જંગે ચડ્યા છે એની પાસે સત્તા, સંપત્તિ, લાગવગ-શાહી, લાંચરૂશ્વતખોરી અને ધાકધમકીની ભાષાનું વિરાટ બળ કાં ન હોય? તોય ધર્મના શુદ્ધ પક્ષે ઊભેલા એક પવિત્ર આત્માની પાસે એ વિરાટબળ પણ બિચારું છે. ધર્મશુદ્ધિનો નાનકડો પણ દાણો રાઈનો દાણો છે; એનો ચમચમાટ [illegible] તેવો હોય છે.

ાટ બળ કાં ન હોય? તોય ધર્મન
ઊભેલા એક પવિત્ર આત્માની પાસે
ા પણ બિચારું છે. ધર્મશુદ્ધિ

સંકલ્પ કરજો કે, ધર્મયુદ્ધમાં હું કદી પીછેહઠ નહિ કરું, કેમકે અંતે [illegible] વિજય ધર્મનો [illegible]

ળ કાં ન હોય? તોય ધર્મન
એક પવિત્ર આત્માની પાસે
ણ બિચારું છે. ધર્મશુદ્ધિ
રજો કે, ધર્મયુદ્ધમાં